MONDAY
૨૫-૦૧-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પૌષ સુદ ૧૨
અંક : ૯૪
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

પંજાબ અને હરિયાણા સહિત દેશભરના ખેડૂતોનો પ્રવાહ દિલ્હી તરફ : પ્રજાસત્તાક દિને નવા-જૂની થવાની વકી

ખેડૂત ગરમ, પોલીસ નરમ : પ્રજાસત્તાક રેલીને મંજૂરી

નવી દિલ્હી,તા.૨૪

ઘણાં દિવસથી ચાલતી માથાકૂટ બાદ અંતે ખેડૂતોને દિલ્હીમાં ટ્રેક્ટર રેલી કાઢવાની મંજૂરી મળી ગઈ છે. રવિવાર સાંજે દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનર દીપેન્દ્ર પાઠકે કહ્યું કે, 'ખેડૂતોની ઈચ્છાને જોતા કેટલીક શરતોની સાથે ટ્રેક્ટર રેલીને મંજૂરી આપવામાં આવી છે. ટિકરીથી ૬૩ કિમી, સિંઘુથી ૬૨ કિમી અને ગાઝિયાબાદ બોર્ડરથી ૪૬ કિમી સુધી રેલી કાઢવાની મંજૂરી આપવામાં આવી છે. આ દરમિયાન તેઓએ શાંતિ કાયમ રાખવી પડશે અને સિક્યોરિટી ફોર્સને સહયોગ આપવો પડશે.'

આ વચ્ચે દિલ્હી પોલીસે એક મોટો ખુલાસો કરતા કહ્યું કે, સરહદ પારથી આંદોલનમાં હિંસાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. દીપેન્દ્ર પાઠકે કહ્યું કે, 'ખેડૂતોની રેલીમાં હિંસા માટે અમને અનેક ઈનપુટ મળ્યાં છે. ૧૩ જાન્યુઆરીથી ૧૮ જાન્યુઆરી વચ્ચે સમીક્ષા દરમિયાન અમને ખ્યાલ પડ્યો છે કે રેલીમાં ગરબડ કરવા માટે પાકિસ્તાનમાં ૩૦૮ ટ્વિટર હેન્ડલ જનરેટ થયા છે.'

પોલીસ કમિશનરે કહ્યું કે ગણતંત્ર દિવસના રાષ્ટ્રીય સમારંભ દરમિયાન કોઈ પણ પ્રકારની ગરબડી રોકવા માટે સંયુક્ત કિસાન મોર્ચો અને બીજા ગ્રુપ્સની સાથે વાતચીત કરવામાં આવી છે. ૨૬ જાન્યુઆરીએ સિક્યોરિટી એરેન્જમેન્ટ અને રેલીની સુરક્ષા પર અમારું ફોકસ છે. દિલ્હીમાં આવ્યાં પછી ખેડૂતોના કાફલાને રિપબ્લિક ડે સેલિબ્રેશનવાળા વિસ્તારની પહેલાં

ડાબે-જમણે ટર્ન કરાવવામાં આવશે. ખેડૂત આંદોલન સાથે જોડાયેલા સ્વરાજ ઈન્ડ્યાના નેતા યોગેન્દ્ર યાદવે અપીલ કરી કે ખેડૂતો માત્ર દિલ્હીમાં ટ્રેક્ટર જ લાવે, પોતાની ટ્રોલીઓ લઈને ન આવે.'

ખેડૂતોએ આને કિસાન ગણતંત્ર પરેડ નામ આપ્યું છે. ભારતીય ખેડૂત યૂનિયનના યુદ્ધવીર સિંહે રૂટ વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે, અમે સિંઘુ બોર્ડરથી દિલ્હીમાં ૧૦ કિમી અંદર જશું. ત્યારપછી સંજય ગાંધી ટ્રાન્સપોર્ટ નગર, બવાના, કંઝાવાલા, કુતુબગઢ થઈને ચંદી બોર્ડર પહોંચીશું. પછી અમે હરિયાણામાં દાખલ થશું અને પાછા સિંઘુ આવી જશું. તેમણે કહ્યું કે, ૧૦૦ કિમીની આ માર્ચનો ૪૫ કિમીનો ભાગ દિલ્હીમાં હશે. ટ્રેક્ટર પરેડ માટે દિલ્હી પોલીસે ખેડૂતોને જે રૂટ ઓફર કર્યો છે, તે મેપમાં આછા કલરમાં બતાવાયો છે. આ સિંઘુ બોર્ડરથી ખરખૌદા ટોલ પ્લાઝા સુધીનો રૂટ છે.

ટ્રેક્ટર પરેડ માટે દિલ્હી પોલીસે ખેડૂતોને જે રૂટ ઓફર કર્યો છે, તે મેપમાં આછા કલરમાં બતાવાયો છે. આ સિંઘુ બોર્ડરથી ખરખૌદા ટોલ પ્લાઝા સુધીનો રૂટ છે. ખેડૂતો લગભગ એક મહિનાથી ટ્રેક્ટર પરેડની તૈયારીઓ કરી રહ્યા છે. પંજાબના અનેક શહેરો અને ગામોમાં તેનું રિહર્સલ કરવામાં આવી રહ્યું છે. પંજાબના અનેક જિલ્લામાં ખેડૂતો ટ્રેક્ટર લઈને દિલ્હી માટે રવાના થઈ રહ્યા છે.

ચલો મુંબઈ : ૧૮૦ કિ.મી. લાંબી માર્ચ દ્વારા મહારાષ્ટ્રના ખેડૂતોનું આંદોલનને સમર્થન

નવી દિલ્હી,તા.૨૪

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂત આંદોલનમાં હવે મહારાષ્ટ્રના ખેડૂતો પણ સામેલ થઈ ગયા છે. રાજ્યના ૨૧ જિલ્લાના ખેડૂતો નાસિકથી મુંબઈ એટલે કે ૧૮૦ કિમી સુધી રેલી કાઢી રહ્યાં છે. મુંબઈ પહોંચ્યા પછી એક સભા કરશે અને તેમાં NCP અધ્યક્ષ શરદ પવાર પણ સામેલ થઈ શકે છે. પવારની પાર્ટી રાજ્યમાં સરકાર ચલાવી રહેલા ગઠબંધનનો ભાગ છે.

દિલ્હી બોર્ડર પર ૨૬ જાન્યુઆરીએ ખેડૂતોની ટ્રેક્ટર રેલી પહેલા નાસિકમાં શનિવારે હજારો ખેડૂતો ભેગા થયા. ત્યારપછી તેમણે રેલીની શરૂઆત કરી. ન્યૂઝ એજન્સી પર શેર કરેલા વીડિયોમાં ખેડૂતોનો જમાવડો જોવા મળી રહ્યો છે. ખેડૂતોના હાથમાં ઝંડા અને બેનર પણ જોવા મળી રહ્યાં છે.

ટીકટોક સહિતની ચાઈનિઝ એપ પર પ્રતિબંધ યથાવત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૪

શોર્ટ વીડિયોઝ શેરિંગ એપ ટિકટોક સહિત અન્ય અનેક ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત સરકારે આ દરેક એપ્સને નોટિસ મોકલી છે. આ કેસની નજીકના એક સ્ત્રોતે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે પ્રતિબંધિત એપની સમીક્ષા કર્યા બાદ નોટીસ પાઠવવામાં આવી છે. ટિકટોકના સંપર્કથી સરકારની તરફથી નોટિસ મળ્યાની પુષ્ટિ થઈ છે. તેઓએ કહ્યું છે કે અમે નોટિસનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ અને તેનો જવાબ આપીશું. ભારત સરકાર દ્વારા ૨૯ જૂને જાહેર કરાયેલા નિર્દેશમાં ટિકટોકનું પણ નામ હતું. અમે સતત સ્થાનીય કાયદા અને નિયમોનું પાલન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને સરકારની કોઈ પણ ચિંતાનું સમાધાન કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ પણ કરીશું. અમારા દરેક યૂઝર્સની ગોપનીયતા અને સુરક્ષા નક્કી કરવાનું અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ગયા વર્ષે જૂનમાં ટિકટોક સહિતની અન્ય ૫૯ ચાઈનીઝ એપ્સ પર બૅન લગાવાયો અને પછી તેને બંધ કરી દેવાઈ. તેમાં યૂસી બ્રાઉઝરના એપ્સ પણ સામેલ હતા. સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટના સેક્શન ૬૯-એના આધારે ૫૯ ચાઈનીઝ એપ્સ પર બૅન લગાવ્યો છે.

રશિયામાં રોષ : પુતિન સામે ૧૦૦ શહેરોમાં વિરોધ પ્રદર્શન, ૩૦૦૦ લોકોની ધરપકડ

પુતિન વિરોધીની ધરપકડ કરાતા દેશ ભડક્યો

(જી.એન.એસ.)મોસ્કો,તા.૨૪

રશિયામાં પુતિન સરકાર વિરુદ્ધ વ્યાપક વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે. જેમાં લાખો લોકોએ ભાગ લીધો છે. વિપક્ષ નેતા એલેક્સી નવેલનીની ધરપકડના વિરોધમાં રશિયામાં ૧૦૦ શહેરોના લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. પોલીસે પણ પ્રદર્શનકારીઓ પર સખ્ત કાર્યવાહી કરતાં ૩૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરી છે. નવેલની પત્ની યુલિયાની પણ પ્રદર્શન

દરમિયાન અટકાયત કરવામાં આવી છે. મૉસ્કોમાં પોલીસ પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કરતી જોવા મળી રહી છે. ૧૭ જાન્યુઆરીએ વિપક્ષ નેતા એલેક્સી નવેલની ધરપકડ કરવામાં આવી હતી. ઓગસ્ટ-૨૦૨૦માં રશિયામાં નવેલનીને ઝેર આપવામાં આવ્યું હતુ. જે બાદ તેઓ જર્મની આવી ગયા હતા. બર્લિનથી મૉસ્કો

-૫૦ ડિગ્રીમાં પણ લોકો દ્વારા પ્રબળ વિરોધ પ્રદર્શન

પહોંચવા સાથે જ તેમની અટકાયત કરવામાં આવી. નવેલની પેરોલની શરતોનો ભંગ કરવા મામલે દોષી ઠેરવવામાં આવ્યા છે. જે સમયે હજારો સ્મર્થક વિરોધ કરી રહ્યા હતા, ત્યારે ત્યાંનું તાપમાન -૫૦ ડિગ્રીની આસપાસ હતું. આટલી ઠંડી છતાં પ્રદર્શનકારી ત્યાં અડગ રહ્યા અને જ્યારે પોલીસ ત્યાં પહોંચી તો લોકોએ બરફના ગોળા વડે પથ્થરમારો શરૂ કરી દીધો.

અન્ના ઓન : ખેડૂત સમર્થનમાં ૩૦ જાન્યુ.થી આમરણ અનશન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૪

ખેડૂતોના સમર્થનમાં અને કૃષિ કાયદાના વિરોધમાં સમાજસેવી અન્ના હજારે અનશન કરશે. ૩૦ જાન્યુઆરીએ અન્ના હજારે અનશન કરવાનું એલાન કર્યુ છે. અનશન માટે અન્ના હજારે ન તો ખેડૂતો સાથે સિંધૂ બોર્ડર પર હશે અને ન તો દિલ્લી. મુંબઈ અથવા કોઈપણ મોટા શહેરોને તેણે આ બાબતે પોતાનું ઠેકાણુ બનાવ્યું છે. પરંતુ પોતાના ગામ રાલેગણ સિદ્ધિમાં જ તેઓ અનશન

પર બેસશે. મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લામાં તેના ગામે રાલેગણ સિદ્ધિ ઘણી બાબતોમાં ખાસ છે. આ જ ગામે અન્ના હજારે આમરણ અનશન પર બેસશે. અન્ના હજારે દિલ્લીના રામલીલા મેદાનમાં અનશન કરવા ઈચ્છતા હતા પરંતુ તેને માંગેલી અનુમતિના જવાબમાં કંઈ પણ કહેવામાં આવ્યું નથી. અન્ના હજારે જનલોકપાલ આંદોલન વખતે તેના પ્રમુખ ચેહરો હતા. ભ્રષ્ટાચાર વિરુધ્ધ અને સારા પ્રશાસન માટે અનશન કરતા રહ્યા છે.

રેલી રોકવાના મરણીયા પ્રયાસ : ખેડૂતોની રેલી પહેલા પેટ્રોલપંપ પર ટ્રેક્ટરમાં તેલ પૂરવાનું બંધ

૨૬મી જાન્યુ.ની રેલી પહેલા ગાઝિયાબાદ પોલીસનું ફરમાન

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૪

ગણતંત્ર દિવસે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી યોજાવાની છે, જેને લઈને અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જો કે, પેટ્રોલ પંપવાળાઓએ ટ્રેક્ટરમાં તેલ આપવાની રોક લગાવી દીધી છે. આ પ્રકારનું વિચિત્ર ફરમાન પૂર્વાંચલના ગાઝીપુર પોલીસે જાહેર કર્યુ છે.

પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમના વિસ્તારમાં આવતા પેટ્રોલ પંપના સંચાલકોને કલમ ૧૪૪ સીઆરપીસી અંતર્ગત નોટિસ જાહેર કરી કહેવામાં આવ્યુ છે કે, ૨૬ જાન્યુઆરીના રોજ ખેડૂતો દ્વારા અલગ અલગ જગ્યાઓ પર ટ્રેક્ટર માર્ચ તથા અન્ય કાર્યક્રમો કરવાના પ્લાનને જોતા ટ્રેક્ટર માર્ચ પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ કાર્યક્રમ અંતર્ગત એવું સૂચિત કરવામાં આવ્યુ છે કે, ૨૬ જાન્યુઆરી સુધી કોઈ પણ ટ્રેક્ટર અથવા કોઈ પણ ડ્રમ, કેનમાં તેલ આપવામાં આવશે નહીં. જેથી શાંતિ વ્યવસ્થા બની રહે. આ આદેશનું ઉલ્લંઘન કરનારા પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સૈદપુર પોલીસ સ્ટેશનના હેડ તરફથી શનિવારના રોજ આ પ્રકારની નોટિસ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જેને પેટ્રોલ પંપ પર ચિપકાવી દેવામાં આવી છે. ત્યારે હવે આ બાબતને લઈને ખેડૂતોમાં પણ રોષ જોવા મળ્યો છે. બીજા બાજૂ જિલ્લા પોલીસ વડાનું પણ આ અંગે મોઢુ સિવાય ગયું છે.

બિહારના પૂર્વ સી.એમ. લાલૂ યાદવ દિલ્હી એઈમ્સમાં દાખલ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૪

બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને(૭૨) શનિવારે એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી એઈમ્સમાં દાખલ કરાવવામાં આવ્યા છે. આ પહેલા તે રાંચી RIMSમાં દાખલ હતા. આરઆઈએમએસના ડો. કામેશ્વર પ્રસાદના જણાવ્યા પ્રમાણે, 'લાલૂને બે દિવસથી શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. તેમને ન્યુમોનિયા પણ થઈ ગયો. તેમની ઉંમરને ધ્યાનમાં રાખતા સારી સારવાર માટે તેમને દિલ્હી શિફ્ટ કરવા વધુ યોગ્ય લાગ્યું'.

ગણતંત્ર દિનના બે દિવસ પહેલા જ દિલ્હીમાં પાકિસ્તાન ઝિંદાબાદના નારા

સૂત્રોચ્ચાર કરનારાઓની પોલીસ દ્વારા ધરપકડ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૪

દિલ્હીમાં ગણતંત્ર દિવસના ગણતરીના કલાકો પહેલાં પાકિસ્તાન જિંદાબાદના નારા લાગ્યા છે. નવી દિલ્હીના ખાન માર્કેટ મેટ્રો સ્ટેશનની બહાર પાકિસ્તાન જિંદાબાદના નારા લાગ્યા છે. તેની માહિતી બાદથી જ વિસ્તારમાં હડકંપ મચી ગયો છે અને પોલીસ એલર્ટ મોડ પર આવી ગઇ છે. માહિતી મળતા જ પોલીસની પીસીઆર સ્થળ પર પહોંચી ગઅ અને તપાસ શરૂ કરી દીધી. ત્યારબાદ પોલીસના વરિષ્ઠ અધિકારી અને બીજી તપાસ એજન્સીઓ પણ સ્થળ પર પહોંચી ગઈ છે. શનિવાર અને રવિવારની રાત્રે આ નારો લાગ્યાની વાત કહેવાઈ છે. સૂત્રોચ્ચાર કરવાના આરોપમાં પોલીસે યુવક-યુવતીઓની ધરપકડ કરી લીધી છે અને કેસની પૂછપરચ્છ કરાય રહી છે. આ કેસમાં ટૂંક સમયમાં જ મોટો ખુલાસો પોલીસ કરી શકે છે. શરૂઆતની મળતી માહિતી પ્રમાણે પીએસ તુગલક રોડમાં રાત્રે અંદાજે ૧ વાગ્યે એક પીસીઆર કોલ પ્રાપ્ત થયો કે કેટલાંક લોકો પાકિસ્તાન જિંદાબાદના નારા લગાવતા ખાન બજાર મેટ્રો સ્ટેશનની પાસે સંભળાયો છે. ત્યારબાદ પોલીસ હરકતમાં આવી ગઈ.

મોદીજીએ વિકાસ ફક્ત પેટ્રોલ અને ડિઝલના ભાવોમાં કર્યો છે : રાહુલ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૪

કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકારને મોંઘવારી મુદ્દે ઘેરી છે. તેમણે ટ્વીટર દ્વારા મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. રસોઈ ગેસ અને ડીઝલ-પેટ્રોલના વધતા ભાવોને લઈને તેમણે ટ્વીટ કરી છે અને પીએમ મોદી ના નેતૃત્વ વાળી એનડીએ સરકાર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વીટર પર લખ્યુ છે મોદીજીએ જીડીપી એટલે કે ગેસ-ડીઝલ-પેટ્રોલના ભાવોમાં જોરદાર વિકાસ કરી બતાવ્યો છે. જનતા મોંઘવારીથી ત્રસ્ત, મોદી સરકાર ટેક્સ વસૂલીમાં મસ્ત, રાહુલ ગાંધીએ ટ્વીટર પર એક અખબારનો સ્ક્રીનશૉટ પણ શેર કર્યો છે જેમાં તેલ અને ગેસની વધતી કિંમતોની તુલના કરવામાં આવી છે. સ્ક્રીનશૉટમાં જણાવવામાં આવ્યુ છે કે ૧ જુલાઈ, ૨૦૨૦એ જયપુરમાં રસોઈ ગેસના પ્રતિ સિલિન્ડર કિંમત ૫૯૪.૫ રૂપિયા હતી જ્યારે સાત જાન્યુઆરી ૨૦૨૧એ આ રકમ ૬૯૮ રૂપિયા થઈ ગઈ. જયપુરમાં ૧ જુલાઈ ૨૦૨૦એ ડીઝલના ભાવ ૮૧.૩૨ રૂપિયા લિટર હતુ જ્યારે હવે જાન્યુઆરી ૨૦૨૧માં આ ૮૩.૬૪ રૂપિયા થઈ ગયો છે. પેટ્રોલના ભાવોને લઈને લખ્યુ છે કે વર્ષ ૧ જુલાઈ ૨૦૨૦એ પેટ્રોલની કિંમત ૮૭.૫૭ રૂપિયા હતી જે સાત જાન્યુઆરી ૨૦૨૧એ ૯૧.૬૩ રૂપિયા થઈ ગઈ.

જૂનાગઢમાં સ્વ. દિલીપભાઈ દવે કપમાં ભારતભરમાંથી ક્રિકેટરો રમવા આવ્યા

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૪

વિશ્વમાં કોરોનાનો કપરો સમય ચાલી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાત યુવાનો આત્મનિર્ભર બનો ને સાબિત કરવાના હેતુથી અને ગૂજરાત ના યુવાનોમાં છુપાયેલી શક્તિને ઉજાગર કરવાના ભાવથી જુનાગઢના ક્રિકેટ પ્રેમી અને આગવું વ્યક્તિત્વ અને સરળ સ્વભાવ ધરાવનાર સ્વ. દિલીપભાઈ દવે ની યાદ માં જૂનાગઢના કોર્પોરેટર અબ્બસભાઈ કુરેશી , સલીમભાઈ ડી.સી ,હિરેનભાઈ વાંદા દ્વારા અત્યાર સુધી ક્યારેય ના યોજાય હોય તેવી જૂનાગઢ ની સ્વ. દિલીપભાઈ દવે કપ ટુર્નામેન્ટમાં ભારતના ખૂણે-ખૂણેથી ક્રિકેટરો જૂનાગઢના વિવેકાનંદ ગ્રાઉન્ડ ખાતે રમવા આવ્યા હતા અને જુનાગઢ ક્રિકેટ પ્રેમીઓ પણ આ ટુર્નામેન્ટને નિહાળવા માટે આવ્યા હતા.જેમાં ફાઈનલ મા રાજકોટ ની દર્શન ટીમે ફાઈનલમાં જીત મેળવી હતી. મુંબઈ, હરિયાણા, વલસાડ, વાપી, સુરત, બરોડા, કચ્છ અને અલગ અલગ અલગ રાજ્યોમાથી ખેલાડીઓ રમવા આવ્યા હતા. ડી.સી. કપ ટુર્નામેન્ટ ને નિહાળવા ગુજરાત માંથી ક્રિકેટ પ્રેમીઓ આવ્યા. હતા. જેમાં ૧૬ જેટલી ટીમો એ ભાગ લીધેલ હતો. વધુમા કોર્પોરેટર અબ્બાસ કુરેશી એ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આત્મનિર્ભર બનવા ની વાત કરવામાં આવી છે ત્યારે જૂનાગઢની અંદર યુવાનોમાં કોઈને કોઈ શક્તિ છુપાયેલી હોય છે ત્યારે એક ક્રિકેટર તરીકે યુવાનોને ક્રિકેટ પ્રત્યેનો વધુ શોખ જાગે એ માટે આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરી એક નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જામજોધપુરમાં ડો. દિલીપકુમારની પુણ્યતીથીએ રક્તદાન કેમ્પ યોજાયો

ચક્રવાત ટીમ જામજોધપુર, તા.૨૪

રોટરી કલબ (આર.સી.સી.) જામ જોધપુર દ્વારા સ્વ.ડો.દિપકકુમાર ગોરધનભાઈ માંડલીયાની ૧૨મી પુણ્યતીથી તથા સ્વ.ડાહીબેન સ્વ. પુજાભાઈ માંડાભાઈ કણસાગરાના સ્મરણાર્થે રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ રક્તદાન કેમ્પમાં ૧૦૮જેટલી બોટલ રક્ત એકઠું થયું હતું અને આ કેમ્પમાં જામનગરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પીટલ બ્લડ બેંક સહિતની બ્લડ બેંકે ઉપસ્થિત રહી હતી. આ રક્તદાન કેમ્પમાં નવજીવન હોસ્પીટલના અસ્મીત કણસાગરાજેન સૈંશ્યલ ગ્રુપના પ્રમુખ હિમાંશુ મહેતા રોટરીયન અમીત કાંજીયા દીપા ભટાસણા વગેરેએ સેવા આપી હતી.

ઊનામાં વ્યાજખોરના ત્રાસથી યુવાને ઝેરી દવા ગટગટાવતા સારવાર હેઠળ ખસેડાયો

ચક્રવાત ટીમ, તા.૨૪

ઊનામાં રહેતા યુવાને એક શખ્સ પાસેથી વ્યાજે લીધેલા રૂપિયા વ્યાજ સાથે વસુલાત કરી ધાકધમકી આપતા યુવાનો ઝેરી પદાર્થ ગટગટાવી લેતા ગંભીર હાલતમાં ઉના ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે. ઉનાના ગરાળ ગામે રહેતો અશોકસિંહ જીલુભાઇ રાઠોડતિરૂપતી ફાઇનાન્સનું અને વ્યાજ વટાવનું કામ કરતો હોય તેની પાસેથી ધનજીભાઈ દેવજીભાઈ સોલંકીએ એક વર્ષ પહેલા રૂ.૨૦ હજાર વ્યાજે લીધા હોય અને ૭થી ૮ માસથી પઠાણી ઉઘરાણી કરી દશ દશ દિવસે રૂ.૨૦ હજાર જેટલી રકમ લઇ ગયેલ અત્યાર સુધીમાં રૂ.૨.૫૦ લાખ વસુલાત કરેલ તેમ જતાં રૂ.૩૦ હજારની છેલ્લા બે માસથી પઠાણી ઉઘરાણી કરી અમારા પૈસા આપો નહી તો જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી. અને પોલીસ કેસ કરવો હોય તો કરજે પોલીસ સ્ટેશનમાં મારોજ સ્ટાફ છે. આમ ભુંડી ગાળો આપી ગત તા.૧૭ જાન્યુ ૨૦૨૧ના અશોકસિંહ જીલુભાઇ રાઠોડે ફોન કરી ધનજીભાઇ સોલંકીને તેની ઓફીસે બોલાવી ૪ થી ૫ કલાક સુધી માનસીક રીતે ટોચર કરતા ત્યાથી ધનજીભાઇ ચાલ્યો ગયેલ હતો. જે અંગેની અરજી તેમના ભાઇ ભરતભાઇ દેવજીભાઇ સોલંકીએ ઉના પોલીસ સ્ટેશનમાં તા.૨૦ જાન્યુ.ના કરી હતી. આજે આ ધનજીભાઇએ વ્યાજખોરોના માનસીક ત્રાસથી ઝેરી પદાર્થ પી લેતાં તેમને ગંભીર હાલતમાં ઉના ખાનગી હોસ્પીટલે ખસેડાયેલ હતો. તેની જાણ તેમના પરીવારને થતાં તાત્કાલીક હોસ્પીટલે દોડી ગયા હતા.

ઊના સરકારી તેમજ ખાનગી હોસ્પીટલ સહીતના ૧૭૫ કર્મચારીઓને રસી અપાઈ

ચક્રવાત ટીમ ઊના, તા.૨૪

ઊના અર્બન હેલ્થ સેન્ટર ખાતે સરકારી આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ, ખાનગી હોસ્પીટલના ડોક્ટરો, સ્ટાફ, આંગણવાડી સુપર વાઇઝર તેમજ દેલવાડા ખાતે આરોગ્ય હેલ્થ સ્ટાફ માટે કોવિડ ૧૯ વેક્સીન આપવાનું આયોજન કરવામાં આવેલુ હતું. જેમાં ઊના અર્બન હેલ્થ સેન્ટર તેમજ દેલવાડા આરોગ્ય કેન્દ્ર ખાતે આયોજન કરેલ હતું. જેમાં તાલુકામાં કુલ ૧૭૫ આરોગ્ય હેલ્થ સ્ટાફના કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. ઊના અર્બન હેલ્થના અધિકારી ડો. પંપાણીયા તેમજ દેલવાડાના ડો.કૃપા સહીત દેસાઇએ સૈપ્રથમ રસી લઇને રસીકરણના આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અને આ રસીકરણ સેશનના અંતે તાલુકામાં કુલ ૧૭૫ કર્મચારીઓને આપવામાં આવેલ આ તકે કોઇને પણ સાઇડ ઇફેક્ટ તેમજ આડઅસર થયેલ ન હતી. એકંદરે શાંતિપૂર્ણ અને સફળતા પૂર્વક કોવિડ રસીકરણનું અભિયાન સફળ રહ્યુ હતું. ઊના અર્બન હેલ્થ સેન્ટર ખાતે સરકારી હોસ્પીટલના આરોગ્ય સ્ટાફના ૩૨ કર્મીઓ તેમજ ખાનગી હોસ્પીટલના ૪૬ કર્મી સ્ટાફને કોરોનાની રસી આપવામાં આવી હતી. આમ ઉના તાલુકામં કુલ ૧૭૫ કર્મચારીનું રસીકરણ અભિયાન સફળ રહ્યુ હતું.

ઊના શહેરમાં ટ્રક ચાલકે બાઈકને હડફેટે લેતા માતાની નજર સામે પુત્રીનું મોત

ચક્રવાત ટીમ ઊના, તા.૨૪

ઊના પંથકમાં અકસ્માતની ઘટનાઓ દિન પ્રતદિન વધી રહી છે. અને ઉના બાયપાસ રોડનું કામ લાંબા સમયથી શરૂ હોય જેથી મોટા ટ્રકો શહેરમાંથી બેફામ રીતે ચલાવી પસાર થતા હોય છે. ત્યારે બપોરના સમયે ટ્રક ચાલકે બાઇકને હડફેટે લેતાં અકસ્માત સર્જાતા માતાની નજર સામે પુત્રીનું કમકમાટી ભર્યુ મોત નિપજ્યુ હતું. જ્યારે માતાને માથાના ભાગે ઇજા થતા સારવાર અર્થે હોસપીટલે ખસેડાયેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ માનસીબેન હિતેષભાઇ જનાણી ઉ.વ.૧૫ તેમજ વૈશાલીબેન હિતેષભાઇ જનાણી માતા પુત્રી પોતાના ઘરેથી પ્રસંગમાં જમવા જતાં હતા. ત્યારે ઊના શહેરમાં વેરાવળ રોડ પર આવેલ રેલ્વે ફાટક નજીક ટ્રક ચાલક નં.જી.જે.૧૨ બીટી ૫૨૯૨ ના ચાલકે બાઇકને હડફેટે લેતા બાઇક પર સવાર માનસીબેન ટ્રકના પાછલા વીલમાં આવી જતાં તેનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યુ મોત નિપજ્યુ હતું. જ્યારે માતા વૈશાલીબેનને માથાના ભાગે ઇજા થતા સારવાર અર્થે સરકારી હોસ્પીટલે તાત્કાલીક ખસેડાયેલ છે. જોકે માતાની નજર સામે પુત્રીનું મોત નિપજતા અરેરાટી વ્યાપી ગયેલ હતી. યુવતીના મૃતહેદને ઉના સરકારી હોસ્પીટલે પી એમ માટે ખસેડાયેલ છે. જોકે આ બનાવની જાણ તેમના પરીવારજનો તેમજ સંબંધીઓને થતા હોસ્પીટલે દોડી ગયા હતા. આ બનાવ અંગે ઉના પોલીસમાં ટ્રક ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રક ચાલક અકસ્માત સર્જી નાશી છુટ્યો હોવાનું જાણવા મળેલ હતો.

સૌરાષ્ટ્ર કચ્છમાં ભૂકંપના ૪ હળવા આંચકા નોંધાયા

તાલાલા નજીક ૧, ધોળાવીરા નજીક ૨ તથા દુધઈ નજીક એક આંચકો અનુભવાયો

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૪

સૌરાષ્ટ્ર કચ્છમાં આજે ભૂકંપનાં કુલ ૪ હળવા આંચકા નોંધાયા હતા. જેમાં તાલાલા નજીક એક, કચ્છનાં ધોળાવીરા નજીક ૨ તેમજ દુધઈ નજીક કેન્દ્રબિંદુ ધરાવતા આંચકા નોંધાયા હતા. ગીર સોમનાથ જિલ્લાનાં તાલાલા નજીક ૯ કિ.મી. દૂર ઉત્તર દિશામં ઉત્તર પૂર્વમાં કેન્દ્રબિંદુ ધરાવતા અને ધરતીમાં ૨.૯ કિ.મી.ની ઉંડાઈએ ઉદ્દભવેલ ૨.૪ની તિવ્રતાનો આંચકો સવારે ૮ કલાક ૫૮ મીનીટે અનુભવાયો હતો. કચ્છનાં ધોળાવીરા નજીક ૪૬ કિ.મી. દૂર ઉત્તર દિશામાં ઉત્તર પૂર્વમાં કેન્દ્રબિંદુ ધરાવતો ૨.૨ની તિવ્રતાનો આચંકો સવારે ૧૦.૦૫ મીનીટે તેમજ બીજો આંચકો ધોળાવીરા થી ૨૨ કિ.મી. દૂર દક્ષિણ-પશ્ચિમમાં ૨ ની તીવ્રતાનો સાંજે ૫ કલાકે નોંધાયેલ હતો. ત્રીજો આંચકો કચ્છનાં દુધઈથી ૨૩ કિ.મી. દૂર ઉત્તર દિશામાં ઉત્તર પશ્ચિમમાં કેન્દ્રબિંદુ ધરાવતો ૧.૬ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો.

આચાર સંહિતાના અમલઅર્થે રાતભર અમલદારો દોડ્યા

જાહેર માર્ગો પર રાજકીય પક્ષોના પ્રચાર કરતાં બોર્ડ-બેનર અનેક સ્થળોએથી દૂર કરાયા

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૪

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ પંચ દ્વારા શનિવારે જાહેર કર્યા બાદ આદર્શ ચૂંટણી આચાર સંહિતા લાગુ પડતાં રાજ્યનાં અનેક શહેરો તેમજ ૬ મહાનગરોમાં જાહેરમાં લગાવાયેલા રાજકીયપક્ષોના પ્રચાર કરતાં બોર્ડ તથા બેનરો દૂર કરવાની કામગીરી તંત્રના અમલદારો દ્વારા કરવામાં આવતાં રવિવારે રાત્રીના પણ જગ્યા રોકાણ વિભાગ તથા દબાણ હટાવના સ્ટાફ દ્વારા રાત ઉજાગરા કરી અનેક સ્થળોએથી હોર્ડિંગ બોર્ડ તથા બેનરો દૂર કરાયા હતા. રાજકોટ મહાપાલિકાના દબાણ હટાવ વિભાગે રવિવારે રજાનાં દિવસે પણ આચાર સંહિતાનાં પાલન અર્થે શહેરનાં જુદા જુદા માર્ગો પર લગાડાયેલ બોર્ડ તથા બેનરો મોટા સ્ટાફને કામે લગાડી દૂર કર્યા હતા.

સંસ્થાકીય સમાચારો

૭૧મા ગણતંત્ર પર્વે લોકોને રક્તદાન કરવા લાઈફ બ્લડ સેન્ટરનો અનુરોધ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૪

પ્રત્યેક સક્ષમ વ્યકિત નિયમિત સ્વૈચ્છિક રક્તદાનકરે તો તબીબી સારવારમાં માનવ રક્તની વપરાતી ખોટ પૂરી કરી શકાય–જોઈન્ટએકિઝક્યુટીવ ટ્રસ્ટી, લાઈફ બ્લડ સેન્ટર. રાજકોટ શહેરમાં છેલ્લા ચાર દાયકાથી લોકોનેશુદ્ધ અને ગુણવત્તા યુક્ત રક્ત સેવા પુરી પાડતી લાઈફ બ્લડ સેન્ટરે ૭૧ માં ગણતંત્ર પ ર્વે લોકોને રક્તદાન કરવા અનુરોધ કર્યો છે. પ્રત્યેક સક્ષમ વ્યકિત નિયમિત સ્વૈચ્છિક રક્તદાનકરે તો માનવ રક્તની વરતાતી ખોટ પૂરી કરી શકાય છે. રક્ત એક જીવંત પ્રવાહી છે. વિજ્ઞાને માનવ રક્તને નાથ્યું છે અને માનવરક્તની સારવાર દ્વારા કરોડો લોકોને મોતના મુખમાંથી ઉગારી લીધા છે તેમ લાઈફ બ્લડ સેન્ટરનાજોઈન્ટએકિઝક્યુટીવ ટ્રસ્ટીએ જણાવેલ. ૨૬ મી જાન્યુઆરીએ સમગ્ર દેશમાં ગણતંત્ર પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે 'રક્તદાન-મહાદાન' કરીને દર્દીઓની સેવા કરવા લાઈફ બ્લડ સેન્ટરે અનુરોધ કર્યો છે. રક્તદાન ઝુંબેશમાં યુવા વર્ગ ખાસ જનજાગૃતિમાં જોડાઈને વધુમાં વધુ લોકોને રક્તદાન કરવા પ્રેરે તે ખૂબ જ જરૂરી છે. આપનું અમૂલ્ય રક્તદાન કોઈકની જિંદગી ખીલવી શકે છે એવા ઉમદા હેતુ સાથે રક્તદાન પ્રવૃત્તિને વેગ આપવો તેસમાજના દરેક વર્ગની નૈતિક ફરજ છે ત્યારે ઈચ-વન ટીચ-વન ની જેમ તમે રક્તદાન કરો અને અન્યોને પ્રેરણા આપો એઝુંબેશમાંજોડાઈને કાર્યરત થવાલાઈફ બ્લડ સેન્ટરના મેડીકલ ડાયરેક્ટર ડો. સંજીવનંદાણીએ અપીલ કરેલ છે.

સુરેન્દ્રનગરના પાટડીના સમાજ સેવિકાની અનોખી સેવા

ચક્રવાત ટીમ પાટડી, તા.૨૪

સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા તાલુકાના પાટડીના વતની સમાજ સેવિકા એવા મીનાબેન દેસાઈ તથા રૂપલબેન પંચાલ દ્વારા હાલ ચાલી રહેલ કોરોનાની મહામારી દરમિયાન પણ ગરીબવર્ગ તેમજ મધ્યમવર્ગના દર્દીઓને સરકારી દવાખાને જાતે લઈ જાયને કેન્સર તેમજ અન્ય મોટી બિમારીના ઓપરેશન કરાવીને એક અનોખા પ્રકારનો સેવા યજ્ઞ કરી લોકોને નવ જીવન આપીને નિઃસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છે.

દરેક સંસ્થાના સદ્કાર્યો નિયમીત રીતે વાંચો
હવે ચક્રવાતના માધ્યમથી..
આપના સેવાકીય કાર્યો
લોકો સુધી પહોચાડીશું અમે..
આપની વિગત ફોટોગ્રાફ સહિત અમને મેસેજ કરો
ધ્રુવ મંયાણીયા : ડેસ્ક એડિટર : ચક્રવાત મીડિયા ગ્રુપ
મો.૭૦૯૬૬૯૪૨૯૪

ટીંબડી ગામના વાડી વિસ્તારમાં સિંહણે વાછરડાનું મારણ કર્યું

ચક્રવાત ટીમ, સુત્રાપાડા તા.૨૪

ટીંબડી ગામના વાડી વિસ્તારમાં ઘણા સમયથી સિંહણ તેમજ ત્રણ બચ્ચાં સાથે ધામાં નાખ્યા છે. ત્યારે ટીંબડી ગામના નાથાભાઈ ચૌહાણની વાડીએ વાછરડાનું મારણ કરેલ તે દરમ્યાન ઘરના સભ્યો જાગી જતા હાકલા પડકારા કરતા સિંહણ વાછરડાને મૂકી ને જતી રહેલ ત્યારે વાડી વિસ્તારમાં રહેતા લોકોમાં ભયનો માહોલ છે.

ત્યારે આ અંગે સરપંચ વિજયભાઈ વાળા દ્વારા જંગલખાતાના કર્મચારીઓને જાણ કરતા અધિકારી ઓ દ્વારા ઘટના સ્થળે પહોંચી યોગ્ય તપાસ કરી હતી.

મોરબીના સિરામિક કારખાનામાંથી

બાળકીનું અપહરણ કરીને દુષ્કર્મ આચારી હત્યા કરનારા ઝારખંડના શખ્સની ધરપકડ

ચક્રવાત ટીમ મોરબી, તા.૨૪

મોરબી નજીકના સિરામિકના કારખાનામાથી મજૂરીની સાત વર્ષની દીકરીનું અપહરણ કરવામાં આવ્યું હતું અને બાદમાં તે બાળકીની દુષ્કર્મ આચારીને તેને પથ્થર મારીને તેની હત્યા કરી નાખવામાં આવી હતી જે ગુનાની તપાસમાં હાલમાં પોલીસે બાળકીનું અપહરણ જે કારખાનામાંથી કરવામાં આવ્યું હતું તે જ કારખાનામાં કામ કરતાં મૂળ ઝારખંડના મજૂરની અટકાયત કરીને પોલીસે પૂછપરછ શરૂ કરી હતી અને તે પોપટ બની જતાં તેને પોતાનો ગુનો કબૂલયો હતો જેથી કરીને પોલીસે આરોપીની બાળકીનું અપહરણ કરીને દુષ્કર્મ આચારીને તેની હત્યા કરવાના ગુનામાં ધરપકડ કરેલ છે. થોડા દિવસો પહેલા મોરબી વાંકાનેર હાઈવે ઉપર સરતનપર રોડ ઉપર આવેલા મોટો સિરામિકમાંથી સાત વર્ષની બાળકીનું અપહરણ કરવામાં આવ્યુ હતુ જેથી બાળકીના પિતાએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા હતી જેમાં તેમણે જણાવ્યું હતુ કે તેઓ પોતાની પત્ની સાથે કારખાનામાં કામ કરતા હતા ત્યારે તેઓની બાજુમાં તેમની સાત વર્ષની દીકરી રમતી હતી અને ત્યારે તે કોઈ પણ રીતે કારખાનામાં આજુબાજુમાં ગયેલ હોય ત્યાથી અજાણ્યા શખ્સ દ્વારા તેનું અપહરણ કરવામાં આવેલ છે જે બાળકીની હત્યા કરેલી હાલતમાં લાશ મળી હતી અને આ બાળકીની સાથે દુષ્કર્મ પણ આચરવામાં આવ્યું હતું જેથી કરીને પોલીસે અપહરણ, દુષ્કર્મ અને હત્યાના ગુનામાં આરોપીની શોધવા માટે કવાયત શરૂ કરવામાં આવી હતી

અને ભોગબનનાર જે સમયે છેલ્લે જે જગ્યાએ રમતી હતી તે જગ્યાના સી.સી. ટી.વી ફુટેજ જીણવટ ભરી રીતે જોઈ ચકાસી અભ્યાસ કરતા તેમાં એક વ્યક્તિ સંકાસ્પદ જણાતા તે વ્યક્તિની સઘન પુછપરછ કરતા ગુન્હાની કબુલાત આપી હતી માટે હાલમાં પોલીસે મૂળ ઝારખંડના દુર્ગાચરણ ઉર્ફે ટાર્જન રેગોભાઈ સૈવયા જાતે મુન્ડા (ઉં.વ- ૨૭)ની ધરપકડ કરેલ છે. મોરબીના ડીવાયએસપી રાધિકા ભારાઈએ જણાવ્યુ હતું કે, મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સાત વર્ષની બાળકીનું અપહરણ થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી જેથી કરીને બાળકીને શોધી રેાા હતા ત્યારે આરોપી અને બાળકીનો પરિવાર જે કારખાનામાં નોકરી કરતો હતો તે કારખાનની પાછળના ભાગેથી અપ્રહુત બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો અને મૃતદેહનો ફોરેન્સીક રીપોર્ટ કરાવવામાં આવ્યો ત્યારે તેની સાથે દુષ્કર્મ કરીને તેની હત્યા કરવામાં આવી હોવાની વિગતો સામે આવવી હતી જેથી કરીને પોલીસે જૂની ફરિયાદમાં જ હત્યા અને દુષ્કર્મની કલમનો ઉમેરો કરીને આરોપીની પકડવા માટે તજવીજ શરૂ કરી હતી ત્યારે સીપીઆઈ આઈ.એમ. કોંઢીયા અને તેની ટીમ દ્વારા આરોપી દુર્ગાચરણને શંકાના આધારે ઉઠાવ્યો હતો અને તેની પૂછપરછ કરતાં તેને પોપટ બનીને પોતાનો ગુનો કબુલ કર્યો હતો આ શખ્સ છેલ્લા સાતેક વર્ષથી મોરબીના કારખાનામાં નોકરી કરે છે અને વર્ષ ૨૦૧૭ માં તેની પત્નીનું મૃત્યુ થયા પછી તેના અન્ય પરિવારજનો સાથે રહેતો હતો.

સુરેન્દ્રનગર ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષનું આગમન

ચક્રવાત ટીમ વઢવાણ, તા.૨૪

તા. ૨૪/૧/૨૦૨૧ ના રોજ સુરેન્દ્રનગર જીલ્લા કાર્યાલયે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ ભેમા ભાઈ ચોધરીની હાજરીમાં સુરેન્દ્રનગર જીલ્લા પ્રમુખ પરસોત્તમભાઈ મકવાણા, સુરેન્દ્રનગર જીલ્લા પૂર્વ પ્રભારી જયદેવસિંહ જાડેજા, સુરેન્દ્રનગર જીલ્લા લીગલ સેલ પ્રમુખ પ્રવિણસિંહ પરમાર, સુરેન્દ્રનગર જીલ્લા ઉપપ્રમુખ દશરથસિંહ ઝાલા, સુરેન્દ્રનગર જીલ્લા ઉપપ્રમુખ દેવકરણભાઈ, સુરેન્દ્રનગર જીલ્લા મંત્રી અક્ષય ધાડવી, સુરેન્દ્રનગર જીલ્લા મહિલા પ્રમુખ મીતાબેન, તેમજ તાલુકા પ્રમુખો, કાર્યકર્તાઓ, ઉમેદવારોની મીટીંગ કરી, જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી.

વેરાવળ પાટણ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દેવીબેન ગોહેલ દ્વારા ચીફ ઓફિસરને આવેદન

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૨૪

ખાડાઓની નગરી વેરાવળમાં થોડા સમયથી જુદા જુદા વિસ્તાર અને વોર્ડમા રોડ બનવાનું ચાલુ છે પણ આપણે ક્યારેય પણ એવું જાણવાની કોશિસ કરી કે તે આપણી આસપાસનો રોડ ડામર અથવા સિમેન્ટનો કે પેવર બ્લોકનો મંજૂર થયો છે. તાજેતરમાં જે રોડ બને છે તે ખૂબજ નબળી ક્વોલિટીનું ડામર અને આયોજન વગરના બને છે જ્યારે ઘણી સોસાયટીમા અડધો સિમેન્ટનો રોડ છે અને અડધો ડામરનો બની રેાો છે તે જાણીને નવાઈ લાગે. શું આ રસ્તા લોકોના મનને આશ્વાસન આપવા બનાવામાં તો નથી આવ્યા ને. લોકોના આવાજ પ્રશ્નો મુદ્દે વેરાવળ પાટણ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દેવીબેન ગોહેલ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદન આપી અને વિસ્તાર પૂર્વક સમસ્યા તેમની સમક્ષ મૂકી અને લોકોને જાગૃત થવા અપીલ કરી.

ઉમલ્લા નજીક અજાણ્યા વાહનની ટક્કરે યુવાનનું ઘટના સ્થળે કરૂણ મોત

ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૨૪

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા નજીક અછાલિયા ગામ પાસે સ્ટેટ હાઈવે પર જીઈબી કેનાલ પાસે કોઈ અજાણ્યા વાહને બાઈકસવાર યુવાનને ટક્કર મારી દેતા તેનું ઘટના સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું, ઉમલ્લા પોલીસ સ્ટેશનથી મળતી માહીતી મુજબ ઝઘડિયા તાલુકાના જાંબોઈ ગામના સતીષ નટુભાઈ વસાવા પોતાની બાઈક ઉપર પસાર થઈ રેાો હતો તે સમયે કોઈ અજાણ્યા વાહને બાઈકસવાર યુવાનને ટક્કર મારી દેતાં રોડ પર ફંગોળાઈ જવાથી માથાના ભાગે ગંભીર ઈજાઓના પગલે તેનું ઘટનાસ્થળે કરુણ મોત નીપજ્યું હતું આ બનાવ અંગે છાયાબેન સતીષભાઈ વસાવાએ ઉમલ્લા પોલીસ મથકે ફરિયાદ લખાવી હતી ઉમલ્લા પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં ૧૮૧ની ટીમ દ્વારા ૨૦૨૦માં ૧૧૬૦ મહિલાઓને મદદ કરવામાં આવી

(જી.એન.એસ)જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢ અને કેશોદ ૧૮૧ મહિલા હેલ્પલાઈન સેવા દ્વારા ગત વર્ષ દરમિયાન ૧૧૬૦ મહિલાઓને જરૂરિયાત સમયે મદદે પહોંચાડી ફરજ બજાવી છે. વર્ષ દરમિયાન આગેવાનો અને કુટુંબના સભ્યોને સ્થળ કાયદાની સમજણ આપી સમજાવટ કરી ૬૯૮ મહિલાઓના કેસમાં સમાધાન કરાવેલ જ્યારે ૭૪૯ મહિલાઓના ઘરેલુ હિંસાના કેસ સામે આવ્યા હતા. જૂનાગઢ જિલ્લામાં બે ૧૮૧ રેસ્ક્યુ વાન કાર્યરત છે. જેમાં એક જૂનાગઢ અને બીજી કેશોદ ખાતે કાર્યરત છે. વર્ષ ૨૦૨૦માં કોરોનાની મહામારીમાં પણ આ બન્ને ટીમોએ જીવના જોખમે પીડિત મહિલાઓની મદદ પુરી પાડી ઉમદા કામગીરી કરી છે. આ ઉપરાંત ડોર-ટુ-ડોર પ્રચાર-પ્રસાર કરીને ૧૮૧ સેવા તેમજ સરકારની વ્હાલી દીકરી યોજના, ગંગાસ્વરૂપ યોજના વગેરે યોજના વિશે જાગૃતતાના પ્રયાસો હાથ કર્યા હતા. ૧૮૧ની બન્ને ટીમો દ્વારા વર્ષ ૨૦૨૦માં ૧૧૬૦ મહિલાની મદદ કરી છે. તેમજ આગેવાનો અને કુટુંબના સભ્યો સાથે પરામર્શ કરી ૬૯૮ મહિલાના સ્થળ પર જ સમાધાન કરાયા છે તથા મહિલાની ગંભીર સમસ્યાને ધ્યાને લઈને વધુ મદદ માટે અન્ય સંસ્થા/વિભાગ સુધી કાર્યવાહી માટે ૪૩૪ મહિલાને મદદ કરવામાં આવી છે.

ખેડૂતોને નજર કેદ ન કરવા બાબતે સુરેન્દ્રનગર એસ.પી.ને રજૂઆત

ચક્રવાત ટીમ મુળી, તા.૨૪

ગત ૨૨ જાન્યુઆરીનાં રોજ રાજકોટ મુકામે ખેડૂત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં જતાં અટકાવવા માટે પોલીસ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂત આગેવાનો ને નજરકેદ કરવામાં આવેલ હતાં અને રાજકોટ જતાં અટકાવવામાં આવેલ આથી રાજકોટ ખેડૂત સભા મુલતવી રાખવામાં આવી હતી સુરેન્દ્રનગર જિલ્લામાં થી મુળી તાલુકાનાં રામકુભાઈ કરપડા, ધાંગધ્રાથી રતનસિંહ ડોડીયા, ધાંગધ્રા થી જે.કે. પટેલ, પાટડીથી અશોકભાઈ પટેલ, સાયલા થી ત્રિકમભાઈ સભાણી, ને નજરકેદ કરવામાં આવેલ હતાં ત્યારે ફરી રાજકોટ મુકામે ખેડૂત સભાનું આયોજન કરવામાં આવ્યું છે જેની મંજૂરી રાજકોટ મુકામે થી અમોને મળી ગયેલ છે શરતોને આધિન તો આ ખેડૂત સભામાં જતાં આગેવાનો અને ખેડૂતોને પોલીસ દ્વારા નજરકેદ અથવા અટક કરવામાં ન આવે અને અમો ને રાજકોટ જવા દેવામાં આવે તેવી અમારી લાગણી અને માંગણી છે. અમો શાંતિ પુર્ણ જ સભા કરવા જઈ રેાા છીએ જેમાં કોઈ પણ પ્રકારનું નુકસાન થાય નહીં તે બાબતે પણ અમો સજાગ છીએ સુપ્રીમ કોર્ટે પણ શાંતિ પૂર્વક માટે મંજૂરી આપેલ છે. તો આપને અરજ છે કે આ રાજકોટ ખેડૂત સભામાં જતાં આગેવાનો અને ખેડૂતોને પોલીસ દ્વારા નજરકેદ અટકાયત ન થાય તે માટે આપ તંત્રને આદેશ કરશોજી. આ માટે રજૂઆત કરવા માટે ડી.એસ.પી ઓફિસ ખાતે રાજુભાઈ કરપડા, દશુભા ઝાલા, દિલીપસિંહ જાદવ, ચંદુભાઈ લકુમ, દિપક પટેલ, પ્રતાપભાઈ ચૌહાણ સહિત આગેવાનોએ લેખિતમાં રજૂઆત કરી હતી.

ગીરસોમનાથ જિલ્લાની તમામ આશા બહેનોએ આંદોલનકારી પ્રવિણ રામની આગેવાનીમાં જિલ્લા કલેકટરને આવેદન પાઠવ્યુ

ચક્રવાત ટીમ ગીરસોમનાથ, તા.૨૪

આશા બહેનો આરોગ્યના પાયા સમાન છે, આશા બહેનો અને ફેસિલિટર બહેનોની કામગીરીના કારણે ગ્રાઉન્ડ લેવલની આરોગ્યની કામગીરીમાં અનેકગણો સુધારો થયો છે, કોરોના કાળમાં પણ તમામ બહેનોએ પોતાની કે પોતાના પરિવારની ચિંતા કર્યા વિના અવિરત સેવા આપી છે જેમનું હજુ અનેક બહેનોને વેતન પણ મળ્યું નથી જે ખૂબ જ શરમજનક બાબત છે ત્યારે આશા બહેનો અને ફેસિલિટર બહેનોએ પ્રવીણભાઈ રામની આગેવાનીમાં જિલ્લા કલેકટરને નીચે મુજબની માંગણીઓ સાથે આવેદન સુપરત કર્યું. ૧) આશા બહેનો અને ફેસિલિટર બહેનોને સરકાર દ્વારા ઈન્સેન્ટિવ મુજબ વેતન

આપવામાં આવે જે કામના પ્રમાણમાં ખૂબ જ નહિવત છે એટલાં માટે આશા બહેનો અને ફેસિલીટર બહેનોને એમની કામગીરીને ધ્યાને લેતા લઘુતમ વેતન મુજબ ફિક્સ પગાર કરી તદ્ઉપરાંત વધારાની કામગીરીનું મળવાપાત્ર ઈન્સેંન્ટિવ પણ આપવામાં આવે. ૨) કાર્ડ ધારકોની ડિલિવરી સરકારી કે પ્રાઈવેટ હોસ્પિટલમાં થાય ત્યારે નિયમાનુસાર બન્નેમાં સરખું જ વળતર આપવામાં આવે. ૩) તમામ સગર્ભાની દરેક તપાસ માટે વળતર આપવામાં આવે. ૪) સ્ટ્યુમ રિફરનું વળતર આપવામાં આવે. ૫) દર શનિવારે પી.એસ.સી પરની મિટિંગનું વળતર મળવાપાત્ર છે એટલા માટે દરેક શનિવારની મિટિંગનું વળતર ચૂકવવામાં આવે. ૬)શાળા આરોગ્યમાં આશા બહેનો પાસે વગર વળતરે કામ કરાવવામાં આવે છે ત્યારે એમનું વળતર ચૂકવવામાં આવે. ૭) મોતિયા ઓપરેશન - લેપ્રેસી, ટી બી વગેરેના કામો પણ લેવામાં આવે ત્યારે તેનું પણ દરેક વખતની હાજરી અને નોંધણી માટેનું વળતર આપવામાં આવે. ૮) આશાબહેનો અને ફેસિલિટર બહેનો પાસે કોરોના કાળમાં લેવામાં આવેલી કામગીરીનું અનેક જગ્યાએ હજુ વળતર ચૂકવવામાં આવ્યું નથી એ તાત્કાલિક ધોરણે ચૂકવવામાં આવે. આશા બહેનોએ કોરોના કાળમાં કોરોના વોરિયર્સ તરીકે મહત્વની ભૂમિકા ભજવી છે ત્યારે સરકાર ઉપરની તમામ માંગણીઓને ગંભીરતાથી ધ્યાને લેશે એવો વિશ્વાસ આંદોલનકારી પ્રવીણભાઈ રામે વ્યક્ત કર્યો.

હડીયાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આરોગ્ય કર્મચારીઓને રસી અપાઈ

જોડિયા તાલુકાના હડિયાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સરકારની ગાઈડ લાઈન મુજબ કોવી-શીલ્ડ વેક્સીન આરોગ્ય કર્મચારીઓને આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મેડિકલ ઓફિસર ડૉ.અભિષેક મોરીના અધ્યક્ષ સ્થાને કોવી-શીલ્ડ વેકસીનની રસીનો શુભારંભ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ તાલુકા હેલ્થ ઓફીસર ડો.અલ્તાફ સાહેબના નેતૃત્વ હેઠડ કરવામા આવ્યો હતો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નો તમામ સ્ટાફ હાજર રહેલ.

કોરોના કાળમાં લેવાયેલી સ્પર્ધાત્મક પરીક્ષામાં વિજેતા થયેલા બાળકોને ઈનામ અપાયુ

ચક્રવાત ટીમ હડિયાણા, તા.૨૪

કોરોના મહામારી દરમિયાન જ્યારે સમગ્ર વિશ્વમાં ભયનો માહોલ સર્જાયેલો હતો એવા સમયે બાળકોને ભયમુક્ત તથા તણાવમુક્ત રાખવાના ઉદેશ્ય સાથે લોકડાઉન દરમ્યાન શ્રી હડિયાણા શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેથી બાળકો પ્રવૃત્તિમય રહે. શાળા દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમા વિજેતા થયેલા બાળકોને હડિયાણા કન્યા શાળાના તમામ શિક્ષકોના સહકાર અને સહયોગથી વિજેતાઓને પ્રોત્સાહન ઈનામ આપવાનો કાર્યક્રમ આજ રોજ યોજવામાં આવ્યો હતો. આ ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન શાળાના મ.શી. દેવાંગીબેન બારૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હડિયાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. અભિષેક મોરી ખાસ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય અરવિંદ એન. મકવાણા દ્વારા વિજેતા બાળકોને અભિનંદન આપ્યા હતા.

પાટડી ખાતે ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ કાર્યકરો સાથે બેઠક યોજી

ચક્રવાત ટીમ પાટડી, તા.૨૪

રાજ્યમા લગભગ એકાદ મહિનામા જીલ્લા-તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી પુર્ણ થાય તેવા એંધાણ વર્ષિય રેાા છે ત્યારે તમામ રાજકીય પક્ષો દ્વારા પોતાની તૈયારી શરુ કરી કાર્યકરોને મહત્વની જવાબદારી સોપી દેવાઈ છે. સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામા હાલ તાલુકા પંચાયત તથા નગરપાલિકા ભાજપ શાસિત છે પરંતુ ભારતીય જનતા પાર્ટીને પોતાનુ શાસન યથાવત રાખવાની અને ચુંટણીમા ફરી વિજય મેળવવાની તૈયારી શરુ કરી આજ રોજ મિટીંગનું આયોજન કરાયુ હતુ જેમા સુરેન્દ્રનગર જીલ્લા ભાજપના આગેવાનોની હાજરીમાં સ્થાનિક કાર્યકરોની મિટીંગ યોજાઈ હતી આ મીટીંગ દરમિયાન પોત-પોતાના વિસ્તારમા તમામ કાર્યકરોને એકટીવ થઈ પુર્ણ જોશથી કામગીરી કરવા આહવાન કરાયુ હતુ સાથે તમામ કાર્યકરોને ચુંટણી સંદર્ભે મહત્વની જવાબદારી પણ અપાઈ હતી જ્યારે કાર્યયૅકરો દ્વારા પણ નિષ્ઠાપુર્વક પોતાની જવાબદારી નિભાવવાની તૈયારી દર્શવાઈ છે.

આટકોટમાં ભાજપ ઉપપ્રમુખ ભરત બોઘરાનો અભિવાદન સમારોહ યોજાયો

ચક્રવાત ટીમ, તા.૨૪

શહેરના આટકોટ રોડ ભૂમી જિનિંગ ખાતે ડો. ભરતભાઈ બોઘરાનો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં જસદણ વીંછીયા તાલુકાના તમામ ગામ અને જસદણ શહેર ના ભારતીય જનતા પાર્ટી અને જાહેર જીવનના તમામ સમાજ ના આગેવાનો, સંસ્થાઓ સમિતિઓ ના સદસ્યો,સહકારી આગેવાનો હજારો ની સંખ્યામાં આગેવાનોએ બોઘરા સાહેબને ફૂલડે વધાવ્યા હતા અને ઉત્સાહ ભેર અભિવાદનકર્યુ હતુ અને હર્ષની લાગણી વ્યક્તિ કરી હતી. આ તકે નવનિયુક્ત ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા સાહેબે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે તેઓ એક ખેડૂત પ

રિવારમાંથી આવતા આ વિસ્તારના લોકોના સાથ સહકાર અને લાગણી થી ૨૦૦૯ મા જસદણના ધારાસભ્યથી લઈ રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી, સરદાર પટેલ યોજના બોર્ડના ચેરમેન જેવી વિવિધ જવાબદારીઓ સુપેરે નિભાવી અને હાલ પ્રદેશ ઉપાધ્યક્ષની જવાબદારી પણ જસદણ વીંછીયાના લોકોના સહકારને લાગણી સાથે હોય ત્યારે આ વિસ્તારના લોકોના હંમેશા ઋણી રહેશે અને ગુજરાત પ્રદેશ માં આવનારી સ્થાનિક સ્વરાજની ચુંટણીમા ભારતીય જનતા પાર્ટીને ભવ્ય વિજય અપાવી વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી રૂપાણી તથા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે મુકેલ વિશ્વાસ અને સોંપેલ જવાબદારી સુપેરે નિભાવી લોક સુખાકારીના કામો થકી પાર્ટીનો વ્યાપ વધારવા અથાગ પરિશ્રમ ખંતથી જવાબ દારી નિભાવવાનો કોલ આપ્યો હતો.

તંત્રીસ્થાનેથી.....

દેશના અર્થતંત્રમાં મંદી છતાં શેરબજારમાં ઉછાળો કેમ?

યાકુબ બાદી
તંત્રી

૨૧ જાન્યુઆરી બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાશે. ૧૪૫ વર્ષના ઇતિહાસમાં આ દિવસે પ્રથમ વખત એક્સચેન્જના ૩૦ શૅરના સંવેદી સૂચકાંક સેન્સેક્સે ૫૦ હજારની મનોવૈજ્ઞાનિક સપાટી પાર કરી હતી. આ સ્તરે બજાર ઉપર નફારૂપી વેચવાલીનું દબાણ આવ્યું હતું અને સેન્સેક્સ ૪૯ હજાર ૬૨૪.૭૬ ઉપર બંધ થયો હતો. આને એક મોટી સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. આ માઇલસ્ટૉન કેટલો મહત્ત્વપૂર્ણ છે, એ વાતનો અંદાજ એ બાબત પરથી મૂકી શકાય છે કે માર્ચ મહિનાના અંતભાગમાં દેશભરમાં લૉકડાઉન લાગ્યું હતું, ત્યારે સેન્સેક્સ ગગડીને ૨૫ હજાર ૬૩૮ની સપાટીને સ્પર્શી ગયો હતો. જે બાદ આજે ૧૦ મહિનામાં સૂચકાંક આકાશ આંબી રહ્યો છે અને તેમાં બમણી વૃદ્ધિ થઈ છે. એક અનુમાન મુજબ, વર્ષ ૨૦૨૦માં શૅરબજારમાં રોકાણ કરનારાઓને ૧૫ ટકાનો લાભ થયો છે. બીજા કોઈ ક્ષેત્રમાં આટલા ઓછા સમયમાં આટલો જોરદાર નફો થવો અશક્ય હતો. આ વચ્ચે દરેકના મનમાં એક પ્રશ્ન ઉદભવે છે કે જો કોરોનાની મહામારીને કારણે ભારતનુ અર્થતંત્ર ડગમગી ગયું હતું તો શેરબજારમાં આટલો ઉછાળ કેમ આવ્યો ? મુંબઈની દલાલ સ્ટ્રીટ ઉપર ખુશીની લહેર ફરી વળી છે, પરંતુ સામાન્ય લોકોના મનમાં સવાલ ઊઠી રહ્યો છે કે અર્થતંત્ર તથા શૅરબજારની વચ્ચે સીધો સંબંધ કેમ જોવા નથી મળતો ? આ સવાલ ભારત જ નહીં, અમેરિકા, દક્ષિણ કોરિયા તથા વિશ્વનાં અન્ય અર્થતંત્રોમાં પણ આવું જ વલણ જોવા મળી રહ્યું છે. આથી, તેને 'વૈશ્વિક વલણ' જણાય છે. ચાલુ નાણાકીય વર્ષમાં ભારતના અર્થતંત્રનું કદ ઘટશે, પરંતુ શૅરબજારમાં ઉછાળ જોવા મળી રહ્યો છે. આની પાછળનું મુખ્ય કારણ બજારમાં મોટા પાયે ઠલવાયેલું નાણું છે. અમેરિકાની વિખ્યાત વૉર્ટન બિઝનેસ સ્કૂલના ડેઈલી રેડિયો શૉમાં સંસ્થાના નાણાકીય બાબતોના પ્રાધ્યાપક ઇતે ગોલ્ડસ્ટિને ઁટ્ઠઅ ર્ઙ્મઙ્મજીહ) અર્થતંત્ર તથા શૅરબજાર વચ્ચેના વૈશ્વિક વિપરીત વલણ માટે ત્રણ કારણ ગણાવ્યા હતા. પહેલું કારણ, જે અગાઉ પણ સત્ય હતું અને અત્યારે પણ સત્ય છે. એ કે શૅરબજારમાં રોકાણકાર આવનારા સમયને ધ્યાને રાખે છે. જ્યારે આપણે વર્તમાન સમયમાં જે કંઈ ઘટી રહ્યું હોય તેને ધ્યાને લેતા હોઈએ છીએ. જેમ કે, હાલમાં દેશના અર્થતંત્ર, રોજગાર, ઉત્પદાન જેવા પરિબળોમાં શું થઈ રહ્યું છે. પ્રો. ગોલ્ડસ્ટિનના કહેવા પ્રમાણે, વિશ્વના તમામ મહાકાય અર્થતંત્રોની મધ્યસ્થ બૅન્કોએ ઉદાર નાણાકીય પૅકેજની જાહેરાત કરી છે. જેના કારણે બજારમાં મોટાપાયે નાણું ઠલવાયું છે. ત્રીજું છે કે શૅરબજારમાં નોંધાયેલી કંપનીઓ સમગ્ર અર્થતંત્રનું પ્રતિનિધિત્વ કરતી હોય, તે જરૂરી નથી. પોતાના તર્કની તરફેણ માટે તેઓ ફેસબુક, ગૂગલ, એમેઝોન તથા નેટફ્લિક્સ જેવી કંપનીઓનું ઉદાહરણ આપે છે. આ કંપની ઉપર કોરોનાની મહામારી દરમિયાન કોઈ નકારાત્મક અસર નથી થઈ અને તેમના શૅરના ભાવ વધ્યા છે. છતાં આ કંપનીઓ સંપૂર્ણપણે અર્થતંત્રનું નેતૃત્વ નથી કરતીં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસના કહેવા પ્રમાણે, હાલમાં દેશના અર્થતંત્ર તથા બજાર વચ્ચે સીધો સંબંધ નથી રહ્યો, જે તેમના માટે ચિંતાજનક બાબત છે અને આ વલણ ઉપર નજર રાખવી જરૂરી છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૩-૦૧-૨૦૨૧, શનિવાર, પોષ સુદ-૧૦, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૬, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ ભરણી

- શુભ ચોઘડીયા -

૧૨-૩૭થી અભિજીત-૧૩-૨૧, ૭-૩૦-ચલ-લાભ-અમૃત-૧૧-૩૬ સુધી, ૧૨-૫૯થી શુભ-૧૪-૨૧ સુધી, ૧૭-૦૫ થી ચલ-૧૮-૨૮ સુધી, ૨૧-૪૩થી લાભ-૨૩-૨૧ સુધી

- શુભ હોરા-

૭-૩૦થી ૧૦-૧૪ સુધી, ૧૧-૦૯થી ૧૨-૦૪ સુધી, ૧૩-૫૩ થી ૧૬-૩૮ સુધી, ૧૭-૩૩ થી ૧૮-૨૮ સુધી

સૂર્ય-	કુંભ
ચંદ્ર-	કર્ક
મંગળ-	ધન
બુધ-	કુંભ
ગુરૂ-	ધન
શુક્ર-	મેષ
શનિ-	મકર
રાહુ-	મિથુન
કેતુ-	ધન
હર્ષલ-	મેષ
નેપ્ચ્યુન-	કુંભ
પ્લુટો-	મકર

રાશીફળ

» મેષ(અ,લ,ઈ): તમારી મહેનત અને પરિશ્રમથી કોઇ મહત્ત્વપૂર્ણ કાર્ય સંપન્ન થશે.

» વૃષભ(બ,વ,ઉ): છેલ્લાં થોડા સમયથી જે કાર્યોમાં વિઘ્નો આવી રહ્યા હતાં આજે તે ખૂબ જ સહજ અને સરળ રીતે ઉકેલાઇ જશે.

» મિથુન(ક.છ.ઘ): કોઇ ધાર્મિક પ્રવૃત્તિના વ્યક્તિ સાથે મુલાકાત તમારી વિચારધારામાં પોઝિટિવિટી લાવશે.

» કર્ક(ડ,હ): આજે મોટાભાગનું કામ તમારી ઇચ્છા પ્રમાણે પૂર્ણ થઇ જશે. પરેશાનીઓથી બોધપાઠ લઇને તમે તમારી કાર્યને લગતી યોજનામાં પરિવર્તન લાવશો.

» સિંહ(મ,ટ): કોઇ ધાર્મિક સંસ્થા સાથે જોડાવવું તથા સહયોગ આપવો તમને આત્મિક સુખ આપશે. સમાજમાં પણ માન-પ્રતિષ્ઠા વધશે.

» કન્યા(પ,ઠ,ણ): તમારા કાર્યોને યોગ્ય રીતે પૂર્ણ કરવા માટે પહેલા તેના અંગે સંપૂર્ણ રૂપરેખા બનાવો. સફળતા નિશ્ચિત જ તમને મળશે.

» તુલા(ર.ત.): આજે તમે ઘરને લગતા કાર્યો તથા ખરીદદારીમાં વધારે સમય પસાર કરવાની કોશિશ કરો.

» વૃશ્ચિક(ન.ય.): આજે કોઇ નજીકના સંબંધીને ત્યાં ધાર્મિક સમારોહમાં જવાનો અવસર મળી શકે છે.

» ધન(ભ,ધ,ફ,ઢ): ઘરની વ્યવસ્થાને વધારે સારી બનાવવાને લગતી થોડી યોજના બનશે. કામનો ભાર હોવા છતાંય તમે તમારા રસના કાર્યો માટે પણ સમય કાઢી લેશો.

» મકર(ખ.જ.): ઘરના કોઇ વડીલ વ્યક્તિ સાથે કોઇ મૂલ્યવાન ભેટ આશીર્વાદ તરીકે પ્રાપ્ત થશે. તેમના અનુભવોનું અનુસરણ કરવું તમારા વ્યક્તિત્વમાં પણ નિખાર લાવશે.

» કુંભ(ગ,સ,શ,ષ): કોઇ વિવિધ કાર્યને પૂર્ણ કરવામાં તમારી મહેનત સફળ રહેશે. ભાગ્યની અપેક્ષાએ કર્મ ઉપર વિશ્વાસ રાખશો તો તમે સફળ રહેશો.

» મીન(દ,ચ,ઝ,થ): આજે દિનચર્યાથી અલગ થોડા રસના કાર્યોમાં સમય પસાર કરો. કોઇ સમાજસેવી કે ધાર્મિક સંસ્થા સાથે વિશેષ કાર્યોમા તમારું યોગદાન પણ રહેશે.

૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....

'Krossing ગર્લ'

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

રવિ વિરપરીયા

પ્રકરણ ૪૮

ગિરનારની તળેટીમાં પહોંચતાં મોબાઈલ કવરેજ ક્ષેત્રમાં આવ્યો. જોયું તો ઈશિતાના ૨૦ મિસકોલ હતા. અને ૧૦૦ ઉપર મૅસેજ હતા. તેને મૅસેજમાં આઈ લવ યુ થી લઈને આઈ હેટ યુ સુધીની સફર કરાવી દીધી હતી. ગમે તેવા ખરાબ મૂડને પણ રોમેન્ટીક બનાવી દે તેવા મેસેજનો કલાયમેક્સ ગાળોની રમઝટ સાથે આવ્યો હતો. મે તેને ફોન કરવાનો પ્રયત્ન કર્યો. તેનો મોબાઈલ સ્વિચ ઑફ આવતો હતો. હાશ, હજુ સુધી બ્લૉક કર્યો નહોતો.

રાહુલના બર્થ ડે ના ગ્રાન્ડ fm ના સેલિબ્રેશન પછી મેં તેને મનાવવા બહુ મહેનત કરી હતી. આખરે અઠવાડિયામાં અમારા સંબંધો નોર્મલ બની ગયા હતા. એ પછી અમે બે ડેટ્સ પર પણ જઈ આવ્યા હતા. તે છોકરી હું ધારતો હતો એટલી સારી કે ખરાબ નહોતી. મને અમુક વખતે તેની વાતો કે વર્તન પ્રત્યે એલર્જી થઈ જતી. તે બહુ સ્વાર્થી હતી. અમારા રિલેશનમાં દરેક વખતે તેની ફીલિંગ્સ જ મહત્વની રહેતી. દુનિયામાં તેના જેટલું દુઃખી અને પ્રોબ્લેમમાં કોઈ નહોતું. દરેક વખતે તે મનમાં ઉપજાવી કાઢેલી વાતનો મને સતત અહેસાસ કરાવતી રહેતી. મને ક્યારેક લાગતું તે માનસિક બિમાર હતી.

મેં રસ્તામાં બહુ વિચાર્યું હુ તેને કોઈ રીતે પ્રેમ કરી શકું તેમ નહોતો. સાચું કહું તો મને અમારા સંબંધનું કોઈ ભવિષ્ય નહોતું દેખાતું. નવરાત્રિ પછી તે ખરેખર ઘણી બદલાઈ ગઈ હતી. તે મારી દરેક વાત પર શંકા કરતી. મારા મીરા સાથેના સંબંધો પણ તેને પસંદ નહોતા. સહુથી વધુ ખરાબ ત્યારે લાગતું જ્યારે તે મારી પાસે અમુક પ્રકારના વર્તન, સ્ટાઈલ કે કપડા પહેરવાનો આગ્રહ રાખતી. તે મારા પર મારા કરતાં પણ વધારે અધિકાર જમાવવાની કોશિશ કરી રહી હતી.

સાગર તો જૂનાગઢથી જ પોતાના કામે જવા નીકળી ગયો હતો. હું ઘરે પહોંચ્યો ત્યારે તે હોસ્ટેલની બાલ્કનીમાં ઉભીને ફોનમાં વાત કરી રહી હતી. હું તેની સામે જોઈ કંઈ બોલ્યા વગર મારા ઘરમાં ઘુસી ગયો. થોડીવારમાં ઘરની ડૉરબૅલ વાગી.

મેં દરવાજો ખોલ્યો. સામે ઈશિતા ઉભી હતી. મને રીતસર વળગી પડી. "સોરી ક્રિષ્ના મે તને બહુ હેરાન કર્યો. ડિસ્ટર્બ કર્યો. પણ મારે આ વાત કહેવી બહુ જરૂરી હતી." મેં તેને શાંત પાડી.

"એવું બધું શું ઈમ્પોર્ટન્ટ કામ હતું ? મેં તને કહ્યું જ હતું .હું જૂનાગઢ જાવ છું " મેં પૂછ્યું.

"ઘરેથી મારા પર મેરેજ કરવા માટે પ્રેશર છે. કાલે છોકરો મને જોવા આવ્યો હતો. તે ખરેખર સારો છોકરો છે. પોતાનો વેલ ડેવલપ બિઝનેસ છે. બે ફાર્મહાઉસ છે. મોટું ઘર, અલગ અલગ સીટીમાં વિકેન્ડ વિલા. મારી પાસે ના પાડવાનું કોઈ કારણ નથી પણ ...આઈ લવ યુ...આઈ લવ યુ..." તને મને ફરીથી હગ કરી પોતાનો પ્રેમ જતાવ્યો.

"ઈશિતા જો મારી ઉંમર હજુ સાવ નાની છે. આપણી વચ્ચે પ્રેમ હશે એની ના નહીં, પણ લગ્ન તો મારું સ્ટડી પૂરું ના થાય ત્યાં શક્ય નથી. એ તું પણ સારી રીતે સમજી શકે છે. આટલો સારો છોકરો મળતો હોય તો તારે લગ્ન કરી લેવા જોઈએ." મેં કહ્યું.

"આઈ નો હી ઈઝ ગુડ ગાય. મને તને છોડવાનું મન નથી થતું. બિકોઝ આઈ લવ યુ. પણ મને લાગે છે હજુ પણ તું મને ખુલ્લીને પ્રેમ નથી કરતો. તું મારી સાથે સતત એક અંતર બનાવીને રાખે છે." તે બોલી.

"ઈશિતા એવું કશું જ નથી. મને પણ તારા માટે ફિલિંગ્સ છે. નહીં તો તારી સાથે આટલીવાર ડેટ પર થોડો આવું ? પરંતુ મારા પર અત્યારે ઘર અને કેરિયરની બહુ જવાબદારી છે. હું આ વર્ષોમાં પ્રેમ માટે વિચાર કરી શકુ પણ તેમ નથી." મેં કહ્યું.

"હું તારો ઈરાદો સારી રીતે સમજુ છું. આવી બહાના બાજી ફક્ત મારા માટે જ છે. સાગર સાથે ગિરનારમાં ફરવા જતી વખતે કે જલસા કલબમાં જલસા કરે ત્યારે આ કેરિયર યાદ નથી આવતી. જ્યારે મારા માટે ટાઈમ સ્પેન્ડ કરવો હોય ત્યારે જ આ બધું યાદ આવે છે. એન્ડ મીરા તો ભૂલાઈ જ ગઈ. એના માટે તો તું ઍની ટાઈમ અવેલેબલ છે." તેના ચહેરાના અને વાતોના રંગ બદલાઈ રહ્યા હતા.

"સ્કૂલના તમામ ટાસ્કમાં મીરા મારી બેન્ચ અને પ્રોજેક્ટ પાર્ટનર છે. આ પહેલાં મેં તને આ વિશે ડિટેઈલમાં કહ્યું છે. મહિનાના છેલ્લા દિવસોમાં અમારો ફિઝિક્સનો ટાસ્ક ચાલુ હતો. તું પણ જાણે છે. 'ફ્યુચર લેબ' ના કોઈ ટાસ્ક નોર્મલ નથી હોતાં. બાકી તું વિચારે છે એવું અમારી બંને વચ્ચે કશું નથી. પ્લીઝ તારા માઈન્ડમાં આવુ કંઈ હોય તો કાઢી નાખ." મેં ઉશ્કેરાટમાં કહ્યું.

"કશુંક તો રંધાઈ રહ્યું છે તમારા બંને વચ્ચે. નહીં તો તારે આટલી બધી સફાઈ દેવાની જરૂર ના પડે. મને સતત એવુ લાગે છે. નવરાત્રિ પછી તું મારી જરાય કેર નથી કરતો. તને મારી સાથે ચોક્કસથી પ્રોબ્લેમ તો છે જ. તું એવી કેટલીય વાતો છે જે મારાથી છુપાવે છે. આઈ એમ યોર ગર્લફ્રેન્ડ. મારો હક્ક છે. તારા વિશે, તારી લાઈફ વિશે બધુ જાણવાનો. જો તને મારા પર ટ્રસ્ટ નથી તો આ રિલેશનશીપ આગળ ચાલુ રાખવાનો કોઈ અર્થ નથી." તે જાણે આજે કશુ નક્કી કરીને આવી હોય એમ વાત આગળ વધારતાં બોલી.

"સોરી હવે વધુ ખુલાસા આપી તારી શંકા વધુ મજબૂત કરવા નથી માંગતો. કોઈ પણ રિલેશનને જીવંત રાખવા માટે થોડી સ્પેસ જરૂરી હોય છે. તું મારા પર બધી બાબતોમાં હક ના જતાવી શકે. એન્ડ મેં તારાથી કશું છુપાવ્યું નથી. બટ તને તારી ગમતી વાતો સિવાય બીજું કશું સાંભળવાની આદત નથી. મે તને ક્યારેય એવું નથી કહ્યું કે હું તારો બોયફ્રેન્ડ છું. મારા માટે હજુ નક્કી કરવું મુશ્કેલ છે. મને તારા પ્રત્યે આકર્ષણ ચોક્કસ છે. પરંતુ એ પ્રેમ તો નથી જ. બાકી તારે જે ડિસિઝન લેવું હોય તે તું લઈ શકે છે." મેં કહ્યું.

"હું તો હજી પણ તને પ્રેમ કરું છું. મને લાગે છે તને આ સંબંધ ટકાવવામાં કોઈ રસ નથી. તે ક્યારેય જવાબદારી પૂર્વક નથી રિએક્ટ કર્યું. હું ક્યાં સુધી મારી વનસાઈડેડ લવની ફિલિંગ્સ જતાવતી રહું. તું આટલી ડેટ્સ પછી મને બોયફ્રેન્ડ નથી માની શકતો. મારે જ દર વખતે રિલેશનશીપ ટકાવવા મહેનત કરવી ! આઈ થિંક આપણે બ્રેકઅપ કરી લેવું જોઈએ. બિકોઝ મને લાગે છે આપણા રિલેશનનું કોઈ ફ્યુચર નથી." તે બોલી.

હું તેની વાત કરવાની સ્ટાઈલ શબ્દો બધુ સારી રીતે સમજતો હતો. તે બ્રેકઅપ કરવાના જ મૂડમાં હતી. પરંતુ મારો વાંક હોય એ રીતે. સાગરે મને ચેતવી દીધો હતો. તેથી કશી નવાઈ ના લાગી. પરંતુ તેને લડાઈ ઝઘડા વગર બધું શાંતિથી પતાવ્યું એટલે થોડું અચરજ જરૂર થયું.

"એઝ યુ વિશ.. " હું ફક્ત એટલું જ બોલી શક્યું.

"મને પહેલાં લાગતું હતું તું કંઈક અલગ છે. એટલે મેં ફ્રેન્ડશીપ માટે સામેથી પ્રપોઝ કર્યું. નવરાત્રિ સુધી બધુ બરાબર હતું. પર હું તે દિવસે ઘરે શું ચાલી ગઈ. જાણે કોઈ મોટો ગુનો કરી નાખ્યો. હું જોઉં છું. તે દિવસ તું મને આ માટે સતત સજા આપી રહ્યો છે. મેં કેટલું લૅટ ગો કર્યું છતાં પણ તું ના સુધર્યો. મારી ફ્રેન્ડસ સાચું કહે છે બધા છોકરા એક જેવા જ હોય છે. પોતાનો મતલબ નીકળી ગયો એટલે છોકરીને યુઝ એન્ડ થ્રો ની જેમ ફેંકી દે. તારા માટે તો હું એક ચાન્સ જ હતી ને ?

તને શું લાગે છે. તું એટલો બધો મહાન છે ? હું તારું "આઈ લવ યુ" સાંભળવા તારી આગળ પાછળ ફરતી રહીશ. મારા પ્રેમ માટે તારા જેવા હજારો મારી આગળ પાછળ ફરતાં રહે છે. તને મારી ફિલિંગ્સનું કોઈ ઈમ્પોર્ટન્ટ જ નથી. એન્ડ તારા વગર મારી લાઈફ અટકી જવાની નથી. મારે હવે વધારે કંઈ કહેવું નથી. મને નથી લાગતું આપણે સારા ફ્રેન્ડસ પણ રહી શકીએ ગુડ બાય. હવે મને કૉલ કે મૅસેજ ના કરતો. તે મારા જવાબની રાહ જોયા વગર ઘરની બહાર નિકળી ગઈ.

એક ક્ષણમાં અમારી કહેવાતી રિલેશનશિપ ભૂતકાળ બની ગઈ. તેનું કામ પતી ગયું હતું. હવે મારી કોઈ જરૂર નહોતી. તેને મારી જોડે કોઈ પ્રેમ તો હતો નહીં..! અમારા રિલેશનના ફ્યુચર વિશે તે બધું સમજતી હતી. પરંતુ બ્રેકઅપ માટે પોતે ક્યાંય વાંકમા આવવા માંગતી નહોતી. તેનો ઈરાદો મને સમજાય ગયો હતો. એટલે જ મેં વધારે દલીલો કરવાનું ટાળ્યું હતું. રિલેશનશીપ ટકાવી રાખવા માતે મનાવવાનું પણ જરૂર ના લાગ્યું. મારી લાઈફની કશ થી લવ સુધીની પ્રથમ સફરનો અંત આવી ગયો હતો.

આ સંબંધમાં હું સરસ પાઠ ભણ્યો. 'હું દરેક પરિસ્થિતિ કે સંબંધમાં મારું ૧૦૦ આપતો. પછી ભલેને એ પ્રેમ હોય કે નફરત. મને સમય મુજબ વર્તી મૂલ્યો સાથે સમાધાન કરી બધું સાચવી લેતાં નહોતું આવડતું. **(ક્રમશઃ)**

વૈશ્વિક મહાસત્તા બનવું એ કોઈ ઢીંગલા ઢીંગલીના ખેલ છે?

(જી.એન.એસ,હર્ષદ કામદાર)

વિશ્વના દેશોની નજર ડોનાલ્ડ ટ્રમ્પને કારણે અમેરિકા પર મંડરાયેલી હતી... કારણ રાષ્ટ્રપતિપદની ચૂંટણી હાર્યા છતા ટ્રમ્પ હાર સ્વીકારવા તૈયાર ન હતા. પોતાની સત્તા લાલસા અને ઘમંડી સ્વભાવે અમેરિકામાં અરાજકતા ભરી સ્થિતિ પેદા કરી દીધી. પોતાની જીત થઈ છે તે પ્રકારે ન્યાય મેળવવા વિવિધ કોર્ટોમાં કેસો ઠોકી દીધા પરંતુ લોકશાહી અમેરિકાના બંધારણ અને કાનુનને નહિ સમજેલા તુંડમિજાજી ટ્રમ્પને એક પછી એક કોર્ટે ચૂંટણીમાં ખોટું થયું નથી અને જો બાઈડેનને વધુ મત મળ્યા છે તેમ કહીને ઝટકા આપી દીધા.... પરંતુ આ તો ટ્રમ્પ અને તેમાં પણ સત્તાલાલસા એટલે દરેક પ્રક્રિયાઓમાં હાર્યા બાદ પોતાના સમર્થકોને ઉશ્કેર્યા અને લોકશાહી અમેરિકામાં ધાધલ ધમાલ મચાવરાવી દીધી જેમા તેજસ્વિ તર્રાટ ગણાતી એફબીઆઈ, અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટ, જાસુસી સંસ્થાઓ અને પોલીસ સુધ્ધાને અણસાર ન આવ્યો કે તોફાનો થશે...આને શું કહેવાય....?કહેવાય છે કે શાસક નબળો તેની સંસ્થાઓ નબળી અને આ બાબત અમેરિકામાં ટ્રમ્પની હાર પછી એક પછી એક બનતી જઈ રહેલી ઘટનાઓ બતાવે છે કે ટ્રમ્પનુ નબળું શાસન.....! ટૂંકમાં નબળો શાસન કરતા પોતાને નીચેની સંસ્થાઓની ઘોર ખોદી નાખી દેશને પાયમાલ કરી નાખી શકે છે.....! પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકોને એ હદે ઉશ્કેર્યા હતા કે આ તોફાનીઓએ કેપિટલ હિલ ઉપર હુમલો કરી દીધો કે જ્યારે સદનની કાર્યવાહી ચાલી રહી હતી જેમાં જો બાઈડેન અને કમલા હેરિશની જીત ઉપર મહોર મારવાની મારવાની પ્રક્રિયા ચાલી રહી હતી. જે તત્કાળ રોકી દેવામાં આવી અને પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી તો કેટલાકની ધરપકડ કરી ત્યારે ધમાસણ બંધ થયું.... છતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ બની રહી. પછી સદને અમેરિકાના ૪૬ મા નવા રાષ્ટ્રપતિ તરીકે જો બાઈડેન અને નવા ઉપરાષ્ટ્રપતિ તરીકે કમલા હેરિશની જીતને મંજૂરીની મહોર મારી હતી. આ બધું છતાં ૨૦ મી જાન્યુઆરીએ વોશિંગ્ટન ડીસીને ૨૫૦૦૦ સુરક્ષા દળના જવાનો વચ્ચે મૂકી દઈને સઘન બંદોબસ્ત વચ્ચે જો બાઈડેને અને કમલા હેરિશે શપથ લીધા. ત્યાર બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે જો બાયડેને જે સંબોધન કર્યું તેમાં ભારતના ભાઈચારાની ભાવના અને ભારતીય સંસ્કૃતિ તો દેખાઈ આવી પરંતુ બાઈડેને જે અગત્યના આદેશો પર હસ્તાક્ષર કર્યા તેનાથી વિરોધીઓની બોલતી બંધ થઈ ગઈ....! હવે જો બાઈડેન સામે સૌથી મોટો પ્રશ્ન અમેરિકાની એકતાનો છે અને તેમાં પણ અમેરિકામાં વ્યાપક સામાજિક અસમાનતા દૂર કરવાનો છે....!

વિશ્વમાં મહાસત્તા બનવું એ કોઈ ઢીંગલા ઢીંગલીના ખેલ નથી. ચીને કોરોના મહામારીમા વિશ્વના મોટા ભાગના દેશો સપડાયેલા હતા તે સમયમાં અમેરિકાનુ ચલણ વિશ્વસ્તરે ખતમ કરી મહાસત્તા બનવા માટે અનેક પ્રકારના વ્યુહ અપનાવ્યા હતા... પરંતુ આખરે ચીનને પછડાટ ખાવી પડી... કારણ વિશ્વમાં અમેરિકા જાગૃત લોકશાહી દેશ છે.અને વિશ્વ પર બાજ નજર રાખે છે. જો કે અમેરિકાના ઈતિહાસમાં પહેલી વખત બન્યું કે શાસન પર બિરાજમાન રાષ્ટ્રપતિ બીજી વખતમાં હારી ગયા. અમેરિકી મતદારોએ ટ્રમ્પની વાતોમાં આવી રાષ્ટ્રપતિ પદે બેસાડી દીધા ત્યારબાદ ટ્રમ્પે એક પછી એક એવા નિર્ણયો લીધા કે ભારતીયો અને અનેક એશિયાનો સહિતનાની જિંદગી કટોકટીમાં મૂકી દીધી હતી.....!જો કે નવા રાષ્ટ્રપતિ જો બાઈડેને ટ્રમ્પના લેવામાં આવેલ નિર્ણયો ઉપર એક ઝાટકે ફૂચડો ફેરવી દઈ લાખો લોકોને નાગરિકતા આપી દીધી તો ભારતીય મૂળના ૧૯ જેટલા લોકોને પોતાની ટીમમાં સ્થાન આપી ભાતૃભાવની ભાવના દર્શાવી દીધી છે. અમેરિકા એમ જ મહાસત્તા કે મહાન લોકશાહી દેશ નથી કહેવાતો અહીં સાચા અર્થમાં સાચી લોકશાહી છે.... કારણ વ્હાઈટ હાઉસની પ્રેસ કોન્ફરન્સમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ ને પૂછે છે કે તમે બોલેલા જૂઠ પર તમને કોઈ અફસોસ છે...?. ત્યારે ટ્રમ્પ કહે કોણ જુઠ બોલે છે...? પત્રકાર કહે તમે.....છતા પત્રકાર પર દેશદ્રોહનો કેસ નથી થતો કે કોઈ અન્ય કેસ થતો.. જ્યારે રાજયના ગવર્નર રાષ્ટ્રપતિની વિરોધમાં જઈ લોકડાઉન કરી શકે છે.... રાજયનો પોલીસવડો રાષ્ટ્રપતિને ભાન ન પડતી હોય તો મોઢું બંધ રાખો તેમ કરી શકે છે. રાષ્ટ્રપતિનું ભાષણ ન્યુજ ચેનલો પર ચાલુ હોય ત્યારે રાષ્ટ્રપતિ જૂઠું બોલતો હોય તો અધવચ્ચે જ તેનું પ્રસારણ બંધ કરી દે અને આ વ્યક્તિ સતત જુઠ્ઠુ બોલી રહ્યો છે-જૂઠાણુ ફેલાવી રહ્યો છે તેમ જાહેર કરી શકે છે....આવા છે મહાસત્તા બનવાના લક્ષણો-સંસ્કારો..... એમજ કાંઈ મહાસત્તા નથી બની શકાતું....! અને તેમાં પણ ચીન મહાસત્તા બનવાના સપના જુએ કે જે જીન પી સીગની જોહુકમી હેઠળ દબાયેલું છે.....!? વંદે માતરમ્

ટૂંકા ગાળામાં મોટી કમાણી કરી આપતો પાક : મશરૂમ

ડો. હેમાંગી ડી. મહેતા
વિષય નિષણાંત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મોરબી

ઓઈસ્ટર મશરૂમની ખેતી બંધ રૂમમાં યોગ્ય ભેજ અને તાપમાન ઉભુ કરી સરળતાથી કરી શકાય છે એમ તો મશરૂમની ઘણી બધી જાતો છે પરંતુ અજીદ્વિજરદ્વિ એ ૨૦ થી ૩૦ સે. તાપમાન ની વચ્ચે વધારે ઉત્પાદન આપે છે અને ખેત ઉત્પાદનની ઉપર જેમ કે ઘઉં ડાંગરનું પરાળ વગેરે પર સહેલાઈથી ઉગાડી શકાય છે

આ મશરૂમને પોલીથીન બેગ, નાયલોન નેટ, બાસ્કેટ ટ્રે વગેરેમાં સરળતાથી ઉગાડી શકાય છે. આ મશરૂમ ને સુકવીને ઓરડાના તાપમાને એક વર્ષ સુધી સંગ્રહી શકાય છે એક માસના ટૂંકા ગાળામાં જ તેનો પાક લઈ શકાય છે.

ઓઇસ્ટર મશરૂમની ખેતી માટે ઓછામાં ઓછી જરૂરિયાતોઃ

ઘાસ/પરાળ (ડાંગર કે ઘઉંનું), સ્પાન બોટલ(બિયારણ), ફોર્મલીન(૩૭ ટકા), કાર્બેન્ડઝીમ(બાવિસ્ટીન ૫૦ ટકા વે.પા.), પ્લાસ્ટિકની કોથળી (૧૦૦ ગેઈઝ ૩૪ ટ ૫૦ સે.મી. માપની), લાકડાના કે વાંસ ના ઘોડા, કાપવાનું સાધન (કાતર કે કટર), પાણી છાંટવા માટે પંપ કે ઝારો, થર્મોમીટર અને ભેજ માપક યંત્ર (બજારમાં ડિજીટલ થર્મોમીટર અને હાઇગ્રોમીટર મળે છે) , કંતાન ખસની ટટ્ટી અને રેતી વગેરે... આ મશરૂમ ઉગાડવા માટે ૩૦ ફૂટ ટ ૧૫ ફૂટ ના માપ નો ઓરડો બનાવવો જેમાં ૨૦૦૦ થી ૩૦૦૦ જેટલી કોથળીઓ રહી શકે. શેડ ઉપર ગરમી અવરોધક તરીકે ડાંગર કે ઘઉંનું પરાળ પાથરવું અને હવાની અવરજવર માટે દિવાલમાં યોગ્ય અંતરે સામે સામે બારીઓ કે વેન્ટિલેશન રાખવા અને બારી આગળ ખસની ટટ્ટી કે કંતાન અથવા એકઝોસ્ટ ફેન મૂકવો.

મશરૂમ ની ખેતી કરવાની રીતઃ

મશરૂમ ઉગાડવા માટે ડાંગર કે ઘઉં ના સારા ગુણવત્તાવાળા પૂળીયા પસંદ કરી ૩ થી ૫ સેન્ટિમીટર ના ટુકડા કરવા. થ્રેસર માંથી નીકળેલ ઘઉંનું પરાળ વધારે અનુકૂળ છે કારણ કે પરાળના ટુકડા કરવાની મહેનત બચી જાય છે. આ પ્રકારના મશરૂમ ઉગાડવા માટે ૧૦૦ ગેઈઝની ૩૫ સે.મી. ટ ૫૦ સે.મી. માપ ની પ્લાસ્ટિકની કોથળી, ફોર્મેલીન (૩૭%) કાર્બેન્ડાઝીમ (બાવીસ્ટીન) દવા અને બિયારણ (સ્પાન બોટલ) ની જરૂરિયાત રહે છે. સૌપ્રથમ પરાળને (થ્રેસરમાંથી નીકળેલું) ૪ થી ૮ કલાક સાદા તાજા પાણીમાં પલાળી રાખવું ત્યારબાદ વધારાનું પાણી નીતરી જવા દેવું બાદ જ પ્લાસ્ટિકની કોથળીમાં ભરવું.

આ રીતે તૈયાર કરેલ પરાળમાં ૬૫ થી ૭૦ ટકા સુધી ભેજ રહે ત્યારે તેને આગળ જણાવ્યા મુજબની ૩૫ સે.મી. ટ ૫૦ સે.મી. માપની પ્લાસ્ટિકની કોથળીમાં પાંચ થી છ પ્રમાણે ભરવું પરંતુ આ પરાળ ભરતી વખતે ૫ થી ૮ સેન્ટીમીટરના થર પછી દરેક વખતે પરાળના ૨ ટકા પ્રમાણે (૧૦ કિલો પરાળ દીઠ ૨૦૦ગ્રામ) બિયારણનાં સ્પાન ભભરાવવા અને હલકું દબાણ આપતા રહેવું કોથળી ભરાઈ જાય એટલે તેનું મોઢું ચુસ્ત રીતે બાંધી દેવું અને ચારે બાજુથી ટાંકણીથી ૨૦થી ૨૫ જેટલા ઝીણા કાણા પાડવા જેથ

મહારાષ્ટ્રમાં હવેથી જેલ પર્યટન યોજના ૨૬મી જાન્યુઆરીથી શરૂ થશે

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

મહારાષ્ટ્ર સરકાર રાજ્યમાં ૨૬ જાન્યુઆરીથી પુણેની ઐતિહાસિક યરવડા જેલ ખાતેથી જેલ ટૂરિઝમની શરૂઆતનું ઉધ્ઘાટન કરશે, જેને કારણે લોકોને જેલની મુલાકાત લેવાનો અને કેદીઓની કોટડીઓને નજીકથી જોવાનો મોકો મળશે.રાજ્યમાં ૬૦ જેલ છે જેમાં ૨૪ હજાર કેદી છે. વિદ્યાર્થીઓ અને નાગરિકો જેલની મુલાકાત લઈ તેમના વિશે જાણકારી મેળવી શકશે. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ૨૬મી જાન્યુઆરીના રોજ યરવડા સેન્ટ્રલ જેલ ખાતેથી જેલ ટૂરિઝમનું ઉધ્ઘાટન મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે વિડિયો કોન્ફરન્સ દ્વારા કરશે, એવી રાજ્યના ગૃહ પ્રધાન અનિલ દેશમુખે પત્રકાર પરિષદમાં માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે દેશમાં આ પ્રકારનું આ પ્રથમ સાહસ છે. બ્રિટિશ કાળમાં મહાત્મા ગાંધી, લોકમાન્ય ટિળક, મોતીલાલ નહેરુ, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સરોજિની નાયડુ, સુભાષચંદ્ર બોઝ જેવા અનેક સ્વાતંત્ર્ય વીરોને યરવડા જેલમાં રાખવામાં આવ્યા હતા અને તેમની યાદગીરીઓ અહીં સાચવવામાં આવી છે. જેલમાં પ્રવેશ દરમિયાન, પર્યટકોને માહિતી આપવા માટે ટૂરિસ્ટ ગાઈડ આપવામાં આવશે. કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને દરરોજ મુલાકાત લેતા પ્રવાસીઓની સંખ્યા ૫૦ કરતા વધારે ન હોવી જોઈએ. ગૃહ પ્રધાન અનિલ દેશમુખે જણાવ્યું હતું કે જે લોકો યરવડા જેલની પર્યટક તરીકે મુલાકાત લેવાની ઈચ્છા રાખે છે તેઓએ તેમની સંસ્થાના લેટરહેડ પર અરજી કરતી વખતે પર્યટક તરીકે મુલાકાત લેનાર વ્યક્તિનું નામ અને મૂળ વિગતોનો ઉલ્લેખ કરવો પડશે. ટિકિટના દર પાંચથી પચાસ રૂપિયા સુધીના રહેશે.

ઈડી દ્વારા વિવા ગ્રુપના એમડી અને અને ડાયરેકટરની અટક

૭૩ લાખની રોકડ તેમજ અગત્યના ડોક્યુમેન્ટ જપ્ત : ચાર દિવસની ઈડીની કસ્ટડીમા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

ઈડીએ બહુજન વિકાસ આઘાડી પ્રમુખ અને વસઈના ધારાસભ્ય હિતેન્દ્ર ઠાકુરના પરિવારની માલિકીના વિવા જૂથની ઓફિસે તેમજ ઘરે નવ કલાકની તપાસ હાથ ધરી હતી. આ પછી હિતેન્દ્ર ઠાકુરના પિતરાઈ ભાઈ દિપક ઠાકુરના મોટા પુત્ર મોન્ટી ઉર્ફે મેહુલ ઠાકુર (એમડી) અને તેમની કંપનીના સલાહકાર મદન ગોપાલ ચતુર્વેદી(ડાયરેકટર)ની અટક કરી પૂછપરછ કરવામાં આવી હતી. ઈડીએ ૭૩ લાખ રૂપિયા રોકડ અને અન્ય ડોક્યુમેરન્ટ જપ્ત કર્યા હતા.આજે તેઓ બંન્નેને કોર્ટમા રજૂ કરતા ૪ દિવસની ઈડીની કસ્ટડીમા સોપવામા આવ્યા છે. પીએમસી બેંક કૌભાંડની તપાસ ઈડી કરી રહી છે, બહુજન વિકાસ આઘાડીના પ્રમુખ અને વસઈ ધારાસભ્ય હિતેન્દ્ર ઠાકુરના પરિવારની માલિકીના વિવા ગ્રુપમાં ઈડી દ્વારા તપાસ પેટે નવ કલાક વિતાવ્યા હતા. મોન્ટી ઉર્ફે મેહુલ ઠાકુર, હિતેન્દ્ર ઠાકુરના પિતરાઈ ભાઈ દિપક ઠાકુરનો મોટો પુત્ર અને તેની કંપનીના સલાહકાર મદન ગોપાલ ચતુર્વેદીની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી. ઈડીના અધિકારીઓ તેમને તેમની મુંબઈ ઓફિસમાં સાથે લઈ ગયા હતા.. મોડી રાત્રે મેહુલ અને ચતુર્વેદીની ઈડી દ્વારા અટક કરવામાં આવી હતી. અને ઈડી દ્વારા વધુ તપાસ હાથ ધરવામા આવી છે. શુક્રવારે (૨૨ જાન્યુઆરી) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પીએમસી

બેંક કૌભાંડ મામલે બહુજન વિકાસ આઘાડીના વિધાનસભ્ય હિતેન્દ્ર ઠાકુર અને તેમની કંપની વિવા ગ્રુપના વસઈ-વિરાર અને પાલઘર પરિસરમાં ઓફિસ પર તપાસ માટે રેઈડ મારી હતી. મની લોન્ડરિંગ મામલાની તપાસ કરી રહેલ ઈડીએ એચડીઆઈએલ દ્વારા વિવા ગ્રુપને મોકલવામાં આવેલી રકમ અંગે તપાસ હાથ ધરી છે. ઈડીએ લીધેલી કાર્યવાહી અંગે ધારાસભ્ય હિતેન્દ્ર ઠાકુરે જણાવ્યું હતું કે ઈડીના ૩૫-૪૦ લોકો સવારે સાત મોટા વાહનોમાં વિરારમાં અમારી ઓફિસ આવ્યા હતા. અમે તપાસમાં ઈડીને સંપૂર્ણ મદદ કરી રહ્યા છીએ. આપણી પાસે છુપાવવા માટે કંઈ નથી. બધા વ્યવહારો ચેક દ્વારા કરવામાં આવે છે. મને ખબર નથી કે ઈડી શું તપાસ કરી રહી છે. પરંતુ ઈડી તપાસ કરી રહ્યા છે તે પછી, હું મોટો આસામી બની ગયો છું. ઈડી તપાસને કારણે હવે હું મીડિયામાં પણ દેખાઈશ. મારું નામ અખબારોમાં પણ દેખાશે. આ પ્રસંગે મને ઈડીને કારણે મોટા થવાની તક મળી છે. રાજકીય દ્વેષ વિશે હું એટલું જ કહી શકું છું, રાહ જુઓ અને જુઓ. હું ઈડીની ઓફિસમાં જવા અને તેમના બધા પ્રશ્નોના જવાબો આપવા પણ તૈયાર છું. વિવા ગ્રુપમાં વિધાનસભ્ય હિતેન્દ્ર ઠાકુર અને ક્ષિતિજ ઠાકુર કાર્યરત નથી. તેમના પિતરાઈ ભાઈ દીપક ઠાકુર અને અન્ય પરિવાર આ કંપનીને ચલાવે છે એવું જાણવા મળ્યું હતું. પીએમસી બેંકના ૪,૩૫૫ કરોડના કૌભાંડમાં એચડીઆઈએલ મુખ્ય આરોપી છે. એચડીઆઈએલ સાથે જોડાયેલી કંપની ચલાવતા પ્રવીણ રાઉત વિવા ગ્રૂપમાં ભંડોળ ફેરવવાના કેસમાં શંકાસ્પદ તરીકે જોવામાં આવે છે. ઈડીએ પ્રવીણ રાઉત પાસેથી મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ હેઠળ અત્યાર સુધીમાં ૭૨ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. પ્રવીણ રાઉત એચડીઆઈએલની પેટાકંપની ગુરુશિષ કન્સ્ટ્રક્શન પ્રા.લિ.ના ડિરેક્ટર હતા. દરમિયાન, પીએમસી બેંક કેસમાં ઈડીએ શિવસેનાના સાંસદ સંજય રાઉતની પત્ની વર્ષા રાઉતની પણ પૂછપરછ કરી હતી.

પગાર ન ચૂકવતા ડ્રાઈવરે પાંચ લક્ઝરી બસને આગ ચાંપી

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

માત્ર દસ દિવસ કામ કર્યું હોવા છતાં પગાર ચૂકવ્યા વિના માલિકે નોકરી પરથી કાઢી મૂકતાં રોષે ભરાયેલા ડ્રાઈવરે પાંચ લક્ઝરી બસને આગ ચાંપી હોવાની ઘટના બોરીવલીમાં બની હતી. એમએચબી કોલોની પોલીસે શુક્રવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અજય રામપાલ સારસર (૨૪) તરીકે થઈ હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીની વધુ પૂછપરછ ચાલી રહી હોવાનું પોલીસનું કહેવું છે. એમએચબી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર પોપટ યેલેએ જણાવ્યું હતું કે બોરીવલી પશ્ચિમમાં પાર્ક કરાયેલી લક્ઝરી બસોમાં આગ લાગવાની બે ઘટના બની હતી. ૧૭ જાન્યુઆરીએ ત્રણ બસ, જ્યારે ૨૨ જાન્યુઆરીએ બે બસ આગમાં ભડથું થઈ ગઈ હતી. આ ઘટનામાં ૩.૩૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. પ્રથમદર્શી શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું પોલીસને લાગ્યું હતું. બનાવની નોંધ કરી પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. તપાસ બાદ પોલીસે સારસરને તાબામાં લઈ પૂછપરછ કરી હતી. ગુનાની કબૂલાત કરતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ લોકડાઉન બાદ તાજેતરમાં જ ટ્રાવેલ્સ કંપની દ્વારા બસો ચાલુ કરવામાં આવી હતી. સારસર ૧૦ દિવસ અગાઉ નોકરીએ લાગ્યો હતો. ગોવામાં તેણે વાહનનો અકસ્માત કરતાં તેને નોકરી પર કાઢી મૂકવામાં આવ્યો હતો. આરોપીએ દાવો કર્યો હતો કે તેને પગાર આપ્યો નહોતો અને મારપીટ કરી તેને કાઢી મૂકવામાં આવ્યો હતો. પરિણામે બસમાંના પડદાને દીવાસળી ચાંપી તેણે આગ લગાડી હતી.

બાળ ઠાકરેની પ્રતિમાના અનાવરણ વખતે કટ્ટર વિરોધીઓ પણ આવ્યા એક મંચ પર

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

હિંદુહૃદય સમ્રાટ તરીકે ઓળખાતા અને લાખો લોકોમાં હિંદુત્વની ભાવના જગાડનારા શિવસેના પ્રમુખ બાળ ઠાકરેની પૂર્ણકદની પ્રતિમાનું શનિવારે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. ગેટ વે ઑફ ઈન્ડિયા પાસે આવેલા શ્યામાપ્રસાદ મુખર્જી ચોકમાં ચારે તરફ કેસરિયા ઝંડા ફરકાવી હિંદુત્વના નારા સાથે સેંકડો શિવસૈનિકોએ કાર્યક્રમમાં હાજરી પૂરાવી હતી પણ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રાજકીય પાર્ટીના નેતાઓ રહ્યા હતા. કટ્ટર હિંદુત્વમાં માનનારા બાળ ઠાકરે શિવસેનાના પ્રમુખ હતા પણ તેમનો દરેક રાજકીય પક્ષના પ્રમુખ

સાથે સારો એવો દોસ્તીભાવ રહ્યો હતો, જેને કારણે તેમની પ્રતિમાના અનાવરણ પ્રસંગે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના સર્વેસર્વા પ્રમુખ શરદ પવાર સહિત શિવસેના સાથે છેડો ફાડી પોતાનો અલગ મોર્ચો રચનારા મનસેના પ્રમુખ અને ઉદ્ધવ ઠાકરેના પિતરાઈ ભાઈ રાજ ઠાકરે તેમ જ બાળ ઠાકરેએ જેમને ગદ્દારની ઉપાધિ આપી હતી તે એનસીપીના નેતા છગન ભુજબળ તેમ જ એક સમયના શિવસેના ભાઈબંધ રહેલા ભાજપના નેતા અને વિરોધપક્ષ નેતા દેવેન્દ્ર ફડણવીસે સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું. રાજ્યના મ્હેસુલ પ્રધાન બાળાસાહેબ થોરાત, રાષ્ટ્રવાદીના નેતા અને જળસંસાધન પ્રધાન જયંત પાટીલ સહિત રિપબ્લિકન પાર્ટી(એ)ના અધ્યક્ષ રામદાસ આઠવલે વગેરે પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તમામ મોટા નેતાઓ બાળ ઠાકરેની પ્રતિમાના પ્રસંગે હાજરી પૂરાવતા ઉદ્ધવ ઠાકરેએ તેમનો આભાર માન્યો હતો. આ પ્રસંગે કૉંગ્રેસના પ્રદેશાધ્યક્ષ બાળાસાહેબ થોરાતના ચહેરા પર ચિંતા અને ફડણવીસના ચહેરા પરનો આનંદ આગામી દિવસોમાં રાજ્યના રાજકારણમાં કોઈ મોટી ઊથલપાથલના સંકેત આપી રહ્યા છે?

જવેલર્સને નકલી સોનાના દાગીના પધરાવી લોન લઈ છેતરપીંડી કરતી ટોળકીના ૪ની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ,૨૪

દહિસર પોલીસે સોનાની લોન યોજના હેઠળ નકલી સોનાના ઘરેણા ગિરવે મુકનાર ચાર લોકોની ટોળકીની અટક કરી છે. એક મહિલાએ ૨૫,૦૦૦ રૂપિયાના બદલામાં બનાવટી સોનાની ચેન ગીરવે રાખ્યા બાદ જવેલર્સે પોલીસનો સંપર્ક કરતાં મામલો પ્રકાશમાં આવ્યો હતો. પોલીસે વિવિધ નકલી સોનાના દાગીના કબજે કરી રૂ ૧૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ૪૯ વર્ષીય જવેલર્સ પાસે મહિલાએ બનાવટી ઝવેરાત ગિરવે મુકી તેના પર ૨૫,૦૦૦ રૂપિયાની લોન લીધી હતી,પૈસા આપ્યા બાદ તે છોડાવવા પાછી ન આવતા તપાસ કરતા બનાવટી દાગીના હોવાનું જણાતા છેતરપીંડી થયાનું બહાર આવ્યુ હતુ. જવેલર્સે દહિસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઈન્સ્પેક્ટર ઓમ તોતાવરની આગેવાની હેઠળની ટીમે સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણી કરી હતી અને નાલાસોપારામાં આરોપીના વર્ણન સાથે મેળ ખાતી એક મહિલા મળી હતી. પોલીસે તેની અટકાયત કરી અને ફરિયાદીને ઓળખ માટે બોલાવી હતી. જવેલર્સએ તેની ઓળખ કરી હતી..પૂછપરછ દરમિયાન મહિલાએ જણાવ્યું હતું કે તે બહેન ગુડિયા ખાને આપી હતી. નકલી સોનું ગુડિયાને બીજી મહિલા સલમાએ આપ્યું હતું, જેનો પણ પત્તો લાગ્યો હતો, જે તેને ભાલચંદ્ર સોનીએ આપ્યો હતો.

પોલીસ સહિત ત્રણ સરકારી એજન્સી દ્વારા સિરમ ઈન્સ્ટિટ્યૂટમા લાગેલ આગની તપાસ ચાલુ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

પુણેમા સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (સીઆઈઆઈ)માં લાગેલી આગનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી, લાગેલી આગ એ અકસ્માત હતો કે કોઈ ભાંગફોડિયા પરિબળે ભાગ ભજવ્યો હતો એ અંગે સંપૂર્ણ કારણ જાણવા માટે સત્તાવાર રીતે શુક્રવારથી તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં પોલીસની વિશેષ ટીમ સહિત ત્રણ જેટલી ટોચની સરકારી એજન્સીનો સમાવેશ થાય છે, એવું સત્તાવાર જણાવાયું હતું. ગુરુવારે સિરમ ઈન્સ્ટિટ્યૂટમાં ભીષણ આગ લાગ્યા બાદ તેમાં પાંચ જણનાં મોત થયા હતા. રસી નિર્માતા અગ્રણી સિરમ ઈન્સ્ટિટ્યૂટના બે માળને નુકસાન પહોંચ્યું હતું. દરમિયાન એસએસઆઈના સીઈઓ અદાર પુનાવાલાએ કહ્યું હતું કે કોવિશિલ્ડ રસીના ઉત્પાદનને કોઈ નુકસાન પહોંચ્યું નથી, પરંતુ અન્ય રસી જેમ કે રોટાવાઈરસ અને બીસીજી રસીના ઉત્પાદનને જંગી નુકસાન પહોંચ્યું હતું. આગને કારણે લગભગ ૧,૦૦૦ કરોડ રૂપિયાનું નાણાકીય નુકસાન થયું છે, એમ તેમણે જણાવ્યું હતું. આગના બનાવમાં પુણે પોલીસ કમિશનર અમિતાભ ગુપ્તાએ તપાસ હાથ ધરી છે. શુક્રવારે બપોરથી તપાસ ચાલુ કરવામાં આવી છે તથા અમારી સાથે કાઈમ બ્રાંચની ટીમ તથા ફોરેન્સિક ટીમની આગેવાની તપાસ હાથ ધરવામાં આવી છે, એવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. સિરમ ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરનારા કર્મચારીઓનું સ્ટેટમેન્ટ નોંધવામાં આવ્યું છે તથા તેમના નિવેદનના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે, ફોરેન્સિક ટીમદ્વારા સેમ્પલ લેવામાં આવ્યા પછી ચોક્કસ જવાબ આપી શકાય છે. સંયુક્ત રીતે તપાસ કરનારી સરકારી ટીમમાં પુણે પાલિકા કોર્પોરેશન (પીએમસી), પુણે મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ કોર્પોરેશન (પીએમઆરડીએ) અને મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમઆઈડીસી)નો સમાવેશ થાય છે. ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું. આગ લાગ્યાના બનાવ મુદ્દે હડપસર પોલીસ સ્ટેશનમાં અકસ્માતનો કેસ નોંધવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે પુણે સ્થિત સિરમ ઈન્સ્ટિટ્યૂટ દુનિયામાં સૌથી મોટી રસી નિર્માતા કંપની છે. અહીં બનાવાતી રસી દુનિયાભરમાં મોકલવામાં આવે છે. ૧.૫ અબજથી પણ વધારે રસીના ડોઝ દુનિયાભરમાં વેચવા માટે મોકલવામાં આવે છે, જેમાં પોલિયો, આર-હિપેટાઈટિસ-બી, ટિટનસ, ડિપ્થિરિયા, ટીબી તથા અન્ય રસીનો સમાવેશ થાય.

બનાવટી કિસાન વિકાસ પત્ર અને એનએસસી પર લોન લેવાનો રેકેટનો પર્દાફાશ

૫.૮૬ કરોડ રૂપિયાની કિંમતનાં કિસાન વિકાસ પત્ર અને એનએસસી સહિત ચાર પકડાયા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

બનાવટી કિસાન વિકાસ પત્ર અને નૅશનલ સેવિંગ સર્ટિફિકેટ (એનએસસી) ગિરવી મૂકી બૅન્ક અને પતપેઢીમાંથી લોન મેળવવાના રૅકેટનો પર્દાફાશ કરી નવી મુંબઈની પનવેલ પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી હતી. નોકરી દરમિયાન કરેલી હેરાફેરીને કારણે પોસ્ટ વિભાગમાંથી સસ્પેન્ડ કરાયેલા પોસ્ટ માસ્તરે ટોળકી બનાવી કથિત છેતરપિંડીની યોજના બનાવી હોવાનું તપાસમાં જણાયું હતું. પનવેલ શહેર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ બાબારાવ ગણેશરાવ ચવ્હાણ (૨૪), સુપ્રભાત મલ્લનપ્રસાદ સિંહ (૫૦), સંજયકુમાર અયોધ્યા પ્રસાદ (૪૬) અને દિનેશ રંગનાથ ઉપાડે (૩૯) તરીકે થઈ હતી. આરોપી બાબારાવ ચવ્હાણ અગાઉ નાંદેડના પોસ્ટ વિભાગમાં પોસ્ટ માસ્તર તરીકે કામ કરતો હતો, પરંતુ તેની સામે કથિત હેરાફેરીનો આક્ષેપ થતાં તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. તે સમયે નાંદેડના હિમાયતનગર પોલીસ સ્ટેશનમાં તેની વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો પણ નોંધાયો હતો. પોસ્ટ વિભાગમાંથી આપવામાં આવતા કિસાન વિકાસ પત્ર અને એનએસસી બનાવટી તૈયાર કરી તેને આધારે બૅન્કોમાંથી લોન લેનારી ટોળકી સક્રિય હોવાની માહિતી પોલીસને મળી હતી. આ ટોળકીના કેટલાક શખસ પનવેલની ખાનગી બૅન્કમાં આવવાના હોવાની માહિતીને આધારે પોલીસે ગુરુવારે છટકું ગોઠવી બે આરોપીને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી બે બનાવટી કિસાન વિકાસ પત્ર અને સાત એનએસસી મળી આવ્યાં હતાં. આરોપી પાસેથી મળી આવેલા સર્ટિફિકેટ બનાવટી હોવાની ખાતરી પોસ્ટ વિભાગમાંથી કર્યા બાદ આ પ્રકરણે પનવેલ શહેર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. બન્ને આરોપીની પૂછપરછ બાદ તેમના બે સાથીની પણ ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે ચારેય આરોપીને ૨૭ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીઓ પાસેથી ૫.૮૬ કરોડ રૂપિયાની કિંમતનાં કિસાન વિકાસ પત્ર અને એનએસસી મળી આવ્યાં હતાં. એ સિવાય બે કાર પોસ્ટ ખાતાના સાત રબર સ્ટૅમ્પ સહિત અન્ય સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. આ રીતે આ ટોળકીએ વિવિધ બૅન્કો અને પતપેઢી સાથે કથિત છેતરપિંડી કરી હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ટોળકીએ બે બૅન્કમાં બનાવટી કિસાન વિકાસ પત્ર રજૂ કરી અંદાજે ત્રણ કરોડ રૂપિયાની લોન લેવાનો પ્રયાસ સુધ્ધાં કર્યો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૪,૮૪૯ કેસ નોંધાયા

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં કુલ ૧૫,૮૨,૨૦૧ લોકોને કોરોના વેક્સીનેશન કાર્યક્રમ હેઠળ પહેલો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. તેની સાથે સારા સમાચાર એ છે કે હવે માત્ર ૧.૭૦ ટકા એક્ટિવ કેસ રહ્યા છે. આમ રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. રવિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૪,૮૪૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૫૫ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૦૬,૫૪,૫૩૩ થઈ ગઈ છે. ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૩ લાખ ૧૬ હજાર ૭૮૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે.

ભિવંડીમાં ક્રિકેટ જોવા ગયેલા યુવક પર ગોળીબાર

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

ભિવંડીમાં એક મહિલા અને શિવસેના શાખાના પ્રમુખ પર થયેલ ગોળીબાર પ્રકરણ તાજુ છે.ત્યારે ભિવંડીમાં ક્રિકેટ મેચ જોવા ગયેલ યુવક સાથે કાર પાછળ લેવાના મુદ્દે થયેલ વિવાદે અંધાધુંધ ગોળીબાર થયાની ઘટના ભિવંદીના પાયગામમા બની હતી. આ ઘટનાને પગલે વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. ભિવંડીના પાયગાંવ ખાતે ક્રિકેટ મેચ જોવા ગયેલા યુવકોના બે જૂથ વચ્ચે થયે વિવાદે ગોળીબાર થયાની એક ચોંકાવનારી ઘટના બની હતી. ગોળીબારની ઘટના વાહન પાછળ લેવાના વિવાદને કારણે બની છે. ઘાયલની ઓળખ પ્રફુલ બાળરામ તાંગડી (૩૪, રહે. ખારડી) તરીકે થઈ છે અને તેમને સારવાર માટે થાણેની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાયગાંવ ખાતે ચાલીસ પ્લસ ક્રિકેટ મેચ યોજાઈ હતી. જોકે, ક્રિકેટ મેદાન તરફ જવાનો રસ્તો સાંકડો હોવાથી ઈજાગ્રસ્ત યુવક અને હુમ્લાખોરના વાહનો સામ-સામે આવી ગયા હતા અને વાહનો પાછળલેવાના મુદ્દે બંને જૂથો મૌખિક બોલાચાલી પર ઉતરી ગયા હતા. 'પહેલા તું કારમાં પાછળ લે', તેવી ભારે દલીલ બાદ,વિવાદ વકર્યો હતો. એક યુવકે પ્રફુલ પર પાંચ રાઉન્ડ રિવોલ્વર્માથી ફાયરીંગ કર્યુ હતુ. ગોળીબારમા પ્રફુલ ગંભીર જખ્મી થતા સારવાર માટે થાણેની એક ખાનગી હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યૂ છે. તેની હાલત નાજુક હોવાનું જણાવાયું છે તેમજ ગોળીબાર કરનાર વિક્કી ભરત મ્હાત્રે ફરાર હોવાનું જાણવા મળે છે. ભિવંડી તાલુકા પોલિસ તેને શોધી રહી છે. દરમિયાન, ભિવંડીમાં એક પછ્રી એક વારંવાર ગોળીબારનો બનાવ બ્નતા હોવાથી નાગરિકો આશ્ચર્યચકિત થઈ રહ્યા છે કે આ ગેરકાયદેસર રિવોલ્વર અસામાજીક તત્વો કે હુમલાખોરો ક્યાંથી આવે છે. સવાલ એ પણ ઉભો થાય છે કે પોલીસ પ્રશાસન શા માટે આ અસામાજીક તત્વો વિરુદ્ધ કડક વલણ અપનાવી રહ્યું નથી.

બે લાખ રૂપિયાની જરૂરિયાતે યુવકે મિત્રોની મદદથી લૂંટનું નાટક રચ્યું

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

બે લાખ રૂપિયાની જરૂર હોવાથી દુકાન માટે કૅશ કલેક્શનનું કામ કરનારા યુવકે મિત્રોની મદદથી દક્ષિણ મુંબઈના પાયધુની વિસ્તારમાં ૩.૬૪ લાખ રૂપિયાની લૂંટનું નાટક રચ્યું હતું. જોકે પોલીસ તપાસમાં જુઠ્ઠાણું ઉઘાડું પડતાં પોલીસે યુવકને તાબામાં લીધો હતો. પોલીસના જણાવ્યા મુજબ મનીષ માર્કેટ સ્થિત રમકડાની દુકાન માટે કૅશ કલેક્શનનું કામ કરનારા ઈમરાન ઇકબાલ મેમન ૧૮ જાન્યુઆરીએ પાયધુની પોલીસ સ્ટેશનમાં લૂંટની ફરિયાદ નોંધાવી હતી. મનીષ માર્કેટ, મોટા માર્કેટ, સારા માર્કેટ સહિતની કેટલીક દુકાનોના વેપારીઓ પાસેથી સામાનની જમા થયેલી ૩.૬૪ લાખની રોકડ ચામડાની બૅગમાં મૂકી તે સાંજે પાયધુનીની સારંગ સ્ટ્રીટમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પાછળથી આવેલા અજાણ્યા શખસે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. પીઠ પર ઘા ઝીંકી રોકડ ભરેલી બૅગ લૂંટી શખસ ફરાર થઈ ગયો હોવાનું તેણે ફરિયાદમાં જણાવ્યું હતું. આ પ્રકરણે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના સિનિયર ઈન્સ્પેક્ટર રાજુ કસબેની ટીમે ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ ચકાસ્યાં હતાં. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરતાં આ લૂંટમાં ફરિયાદીની જ સંડોવણી જણાઈ હતી.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બે લાખ રૂપિયાની જરૂર હોવાથી ફરિયાદીએ તેના બે મિત્ર કામરાન અને સિદ્દીકીની મદદથી આ નાટક રચ્યું હતું. ફરિયાદી અને તેના બે મિત્ર મુંબ્રાના એક જ વિસ્તારમાં રહેતા હોઈ બન્ને મિત્ર ફરાર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. વધુ કાર્યવાહી માટે ઈમરાનને પાયધુની પોલીસના તાબામાં સોંપાયો હતો.

મુંબઈ પોલિસનું ઓલ આઉટ ઓપરેશન શસ્ત્ર લઈ ફરનારા ૩૩ જણની અટક કરાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

પ્રજાસત્તાક દિનની પૃષ્ઠભૂમિ પર, મુંબઈ પોલીસે સમગ્ર શહેરમાં ૨૪ કલાક ઓલ-આઉટ ઓપરેશનનું આયોજન કર્યું હતું,ઓપરેશન દરમિયાન ગેરકાયદે શસ્ત્ર લઈને ફરનારા ૩૩ જણની અટક કરી તેઓ પાસેથી શસ્ત્ર જપ્ત કર્યા છે.તેમજ ૫૨(બાવન) ફરાર આરોપીને પકડવામા આવ્યા હતા. પ્રજાસત્તાક દિવસને બે દિવસ બાકી છે. આ સંદર્ભમાં, છેલ્લા ૨૪ કલાકથી મુંબઈ પોલિસ દ્વારા ઓલ આઉટ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઓપરેશન પોલીસ કમિશનર પરમબીર સીગ અને કાયદો અને વ્યવસ્થાના જોઈન્ટ કમિશનર વિશ્વાસ નાંગ્રે-પાટીલના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરીને સફળ બનાવવા

માટે સમગ્ર પોલીસ દળ સક્રિય હતી. આ ઓપરેશન અંતર્ગત મુંબઈમાં ૨૨૩ સ્થળોએ કોમ્બિંગ ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. તેણે રેકોર્ડ પર ૧૩૬૯ ગુંડાઓની પૂછપરછ કરી હતી. આ સમયે પોલીસ રેકોર્ડ પર ફરાર ૫૨ આરોપીની અટક કરવામાં આવી હતી. કોમ્બિંગ ઓપરેશન દરમિયાન ઘટના સ્થળેથી ભાગી ગયેલા બે ચોરની ધરપકડ પણ કરાઈ હતી. દરમિયાન, ૬૬ લોકોની એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત શહેરમાં ૧૦૧ જગ્યાઓ અવરોધિત કરવામાં આવી હતી. આ દરમિયાન ૮૫૭૯ વાહનોનું નિરીક્ષણ કરાયું હતું. ૨૪૭૯ ડ્રાઈવરો સામે એમવી એક્ટ હેઠળ કાર્યવાહી પણ કરવામાં આવી હતી. ૧૨ ડ્રાઈવરો સામે નશામાં અને ડ્રાઈવની કાર્યવાહી કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન પોલીસે ૭૩૯ હોટલો અને લોજ પર દરોડા પાડીને આ વિસ્તારમા તપાસણી કરવામા આવી હતી.. આ સમયે પોલીસને ૩૧ સ્થળોએ ગેરકાયદેસર ધંધો ચાલી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે તુરંત ધંધો બંધ કરી દીધો હતો. તેમજ આ ગેરકાયદેસર વ્યવસાય સાથે સંકળાયેલા ૪૦ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. દેશનિકાલ હોવા છતાં પોલીસે શહેરમાં ૩૧ લોકોની ધરપકડ કરી હતી. આ ઉપરાંત બિનજામીનપાત્ર વોરંટવાળા ૫૯ લોકોની અટક કરવામાં આવી હતી. ૧૩૦ ફેરીવાળાઓ સામે પણ કાર્યવાહી કરવામા

પ્રજાસત્તાક દિન માટે પરેડ રિહર્સલ

૨૬ જાન્યુઆરી ભારતના ગણતંત્ર દિવસની ઉજવણીના ભાગરૂપે થઈ રહેલા રિહર્સલની તસ્વીરી ઝલક

સાંગલીમા નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલની પત્નીની પુત્ર સાથે આત્મહત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

સાંગલીમાં પરિવારના ત્રણ સભ્યોએ આત્મહત્યા કર્યાનો ચોંકાવનારો સમાચાર સામે આવ્યો છે. નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલે પત્ની અને પુત્ર સાથે મળીને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ ઘટના સાંગલી જિલ્લાના બેલંકી ગામે બની છે. તેનાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે અને પોલીસ વિભાગ પણ હચમચી ઉઠ્યો છે. આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અન્નાસો ગુરસિદ ગવહાણે (૬૫) આત્મહત્યા કરનાર નિવૃત્ત પોલીસ અધિકારીનું નામ છે. મૃતકોની ઓળખ માલાન અન્નાસો ગવાણે (૫૦), પત્ની અને પુત્ર મહેશ અન્નાસો ગવાણે તરીકે થઈ છે. એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઘરમા ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા ગામમા શોકનું વાતાવરણ ફેલાયુ છે. સૂત્રો દ્વારા જાણવા મળે છે.કે પરિવારના સભ્ય પુત્ર મહેશ ગવાણેને શેરબજારમા મોટુ નુકશાન થયુ હોવાથી તેઓએ ત્રણેય જણે આત્મહત્યા કર્યાનું ચર્ચાય રેંુ છે.. જો કે, આનું સચોટ કારણ હજી બહાર આવ્યું નથી. બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આગળની તપાસ ચાલુ છે. દરમિયાન પોલીસે ત્રણેયના મૃતદેહને નજીકની સ્થાનિક હોસ્પિટલમાં પોસ્ટમોર્ટસ માટે મોકલી આપ્યા હતા. તો આત્મહત્યા માટે ત્રણે જણે એકી સાથે કેમ આટલું કડક પગલું ભર્યું? પોલીસ તપાસ કરી રહી છે. એવું કહેવામાં આવે છે કે અન્નાસો ગવાણેના પોલીસ મિત્રો, પરિવાર અને પડોશીઓની પણ આ માટે પૂછપરછ કરવામાં આવશે.

નવી મુબઈમા બાઈકની ચાવી ન આપતા એસ્ટેટ એજન્ટ પર ફાયરીંગ

ચક્રવાત ટીમ,મુંબઈ ૨૪

નવી મુંબઈમાઅ શનિવારે રાત્રે કોપરી ગામમા બસ પાસે બાઈકની ચાવી ન આપતા એસ્ટેટ એજન્ટ પર ફાયરીંગ કરવામા અવ્યુ હતુ. ઘાયલ એસ્ટેટ એજન્ટને સારવાર માટે હોસ્પીટલમા દાખલ કરવામા આવેલ છે. રાયગડ જિલ્લાના પેનમા રહેતો તેમજ એસ્ટેટ એજન્ટનું કામ કરનાર પ્રતિક આહેર (૨૪) શનિવારે બપોરે પેનથી વાશી નવી મુંબઈ બાઇક પર આવ્યો હતો.રાત્રે તે ૧૦.૦૦ વાગ્યાની વચ્ચે સાયન પનવેલ હાઈવે પર પનવેલ તરફ જઈ રેંો હતો. કોપરી ગામના બસ સ્ટોપના પાછળના રસ્તાની અંદર ગયો હતો અને સિગારેટ પી રેંો હતો તે સ્થળે ત્રણ અજાણ્યા ઈસમોએ તેને મોબાઇલ પૈસા અને ટુ-વ્હીલર ચાવી માંગવાનું શરૂ કર્યું હતું, પરંતુ તેણે તે આપવાનો ઇનકાર કરી દીધો હતો.તેના પર એક રાઉન્ડ ગોળીબાર કરવામા અવ્યો હતો.જે ડાબી બાજુ પગમા જાંધ પર ગોળી વાગી હતી.

ફાયરીંગ બાદ ત્રણેય જણ ભાગી છુટયા હતા. પ્રતિકના મિત્રએ પોલિસને ઘટનાની જાણ કરી હતી.ઘાયલ થયેલ પ્રતિકની ખારી શહેર સેક્ટર કે માં કામી સિટી હોસ્પિટલમાં પ્રાથમિક ઉપચાર બાદ હાલમાં એમ.જી.એમ. કામોથે હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. વરિષ્ઠ અધિકારી જય જાધવ જેટી સી.પી., પ્રવિણ પાટિલ કાઇમ ડીસીપી, મેગોલે સો ઝોન ૧, નીતિન ભોસલે પાટિલ એસીપી પનવેલ વિભાગની સૂચના મુજબ વરિષ્ઠ નિરીક્ષક શત્રુઘ્ન માળી આ કેસની તપાસ કરી રેંા છે.

મુંબઈમાં બાળાસાહેબની પ્રતિમાનું અનાવરણ....

મુંબઈના કોલાબામાં સ્વર્ગીય બાળાસાહેબ ઠાકરેની પ્રતિમાનું અનાવરણ મુખ્યપ્રધાનપદ ઉદ્ધવ ઠાકરેના હસ્તે કરાયું તે પ્રસંગે શરદ પવાર, રાજ ઠાકરે અને અન્ય પક્ષના નેતાઓ ઉપસ્થિત હતા.

ભવંડીમાં ફળના પૈસા ન ચૂકવતા યુવકની હત્યા બે ફળવિક્રેતાની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૪

ભિવંડીમાં આર્થિક વિવાદમાં યુવકની હત્યા કરવા પ્રકરણે બે ફળવિક્રેતાની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર શુક્રવારે રાતના આ ઘટના બની હતી. ૩૫ વર્ષનો નિઝામુદ્દીન હઝરતદીન રેઇન બંને આરોપી પાસેથી ફળ ખરીદતો હતો અને તેમને પૈસા ચૂકવતો હતો. જોકે છેલ્લા કેટલાક દિવસથી નિઝામુદ્દીને ફળના પૈસા ચૂકવ્યા નહોતા, જેને કારણે બંને આરોપી રોષે ભરાયા હતા, એમ નિઝામપુરા પોલીસ સ્ટેશનના સૂત્રોએ માહિતી આપતા જણાવ્યુ હતુ કે વારંવાર યાદ અપાવવા છતાં નિઝામુદ્દીને પૈસા ચૂકવ્યા નહોતા. આથી આરોપીઓએ શનિવારે રાતે તેને પકડ્યો હતો અને તેની મારપીટ કરી હતી, જેમાં તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને નિઝામુદ્દીનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં પાઠવ્યા બાદ આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને બંને આરોપી અન્સાર ઉર્ફે પપ્પુ મોહરમઅલી રેઇન અને સદ્દામ હુસેન અનવરઅલી રેઇનની ધરપકડ કરી હતી.

વીજ બિલ નહીં ચૂકવ્યું તો પાવર કટ થશે : મહાવિતરણ

૬૩,૭૪૦ કરોડનું વીજ બિલની વસૂલાત બાકી

ચક્રવાત ટીમ,મુબઈ ૨૪

રાજ્યમાં વીજ પુરવઠો પૂરો પાડતી મહાવિતરણ કંપનીએ વીજબિલ ન ભરનારા ગ્રાહકો માટે કડક વલણ અપનાવ્યું છે. ગ્રાહકો પાસેથી રૂ. ૬૩,૭૪૦ કરોડનું વીજ બિલ બાકી છે, હવે જે લોકો બિલ નહીં ભરે તો તેમનો વીજ પુરવઠો ખંડિત કરવામાં આવશે, એવું મહાવિતરણે જણાવ્યું હતું. ખાસ કરીને લોકડાઉનના કાળમાં મહિનાઓ સુધી વીજ બિલ ન ભરનારા લોકોને બિલની ચૂકવણી કરવા માટે અંતિમ ચેતવણી આપવામાં આવી છે. તેમ છતાં પણ બિલ ભરવામાં ન આવે તો અધિકારીઓ દ્વારા વીજ પુરવઠો ખંડિત કરવામાં આવશે. ગયા વર્ષે એપ્રિલથી જૂન મહિના સુધી જંગી બીલ આવતા ગ્રાહકોએ વિરોધ નોંધાવ્યો હતો અને બીલની ચૂકવણી કરવાનો ઇનકાર કર્યો હતો. સંબંધિત અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, અમે ગ્રાહકોને હપ્તાઓમાં ચૂકવણી, પેનાલ્ટી માફ કરવાની સુવિધા અને બિલની એક સમયની ચૂકવણીમાં છૂટ જેવા ઘણા વિકલ્પો આપ્યા હતા. રાજ્યના ઉર્જા પ્રધાન નીતિન રાઉતની સૂચના મુજબ અને ૩૧ ડિસેમ્બર સુધી કોઇના ઘરનો વીજ પુરવઠો ખંડિત કર્યો નથી, પણ હવે બાકી રહેલી કરોડોની રકમ વસૂલવાનો એકમાત્ર ઉપાય છે. ખેતી સાથે સંકળાયેલા ગ્રાહકો પાસેથી રૂ. ૪૫,૪૯૮ કરોડ, લો ટેન્શન વાયરના ગ્રાહકો પાસેથી રૂ. ૮,૪૮૫ કરોડ અને હાઇ ટેન્શનના ગ્રાહકો પાસેથી રૂ. ૨,૪૩૫ કરોડનું બીલ બાકી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કુંડલીયા હનુમાનજી મંદિર ખાતે વિષ્ણુ સહસ્ત્ર પાઠ..

ચક્રવાત ટીમ હડિયાણા, તા.૨૪

જોડિયા તાલુકાના કુંનડ ગામે શ્રી કુંડલીયા હનુમાનજી મંદિર ખાતે પરમ પુજય અવધેસદાસજી બાપુ ના સાનિધિયામાં વિષ્ણુ સહસ્ત્ર નામ પાઠનું હોમ હવનનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રી કુંડલીયા હનુમાનજી ભગવાન પર ફૂલ આભિષેક કરવામાં આવેલ હતું

મહિસાગર જિલ્લા યુવા મોરચા દ્વારા પરાક્રમ દિવસની ઉજવણી કરાઈ

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૨૪

મહીસાગર જિલ્લા યુવા મોરચા દ્વારા સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતી 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે મહંત અરવિંદગીરી, ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, લુણાવાડા નગર પ્રમુખ મનુભાઈ પટેલ, જીલ્લા કોષાધ્યાક્ષ ગોપાલભાઈ મહેતા, યુવામોરચાના મહામંત્રી જીગર ભાઈ તથા સૌ પાર્ટીના આગેવાનો અને કાર્યકર મિત્રો ઉપ સ્થિત રેંા, યુવામોર્ચા દ્વારા દેશના જવાનોનું સન્માન કરવામાં આવ્યું, આ કાર્યક્રમનું આયોજન કરનાર ઇન્ચાર્જ પ્રિતેશભાઈ બ્રહ્મભટ્ટ (ઈલુ)અને જયદીપ પરમાર(જયુ) આ કાર્યક્રમમાં ભારતીય જનતા પ ાર્ટીના કાર્યકરો પણ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવવામા મુખ્ય જીગરભાઈ પંડયા તેમજ કાર્યકરોનો પણ સહકાર જોવા મળ્યો હતો.

વાંકાનેર : ઢુવા પીએચસી ખાતે ૧૭ કોરોના વોરિયર્સને કોરોના રસી આપવામાં આવી

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૪

વાંકાનેર શહેર નજીક આવેલ ઢુવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે જિલ્લા આરોગ્ય અધિકારી તથા જિલ્લા આર.સી.એચ ઓફિસર અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. આરીફ શેરસિયાના માર્ગદર્શન હેઠળ કોરોના રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અહિં ફરજ બજાવતા ૧૭ જેટલા કોરોના વોરિયર્સને રસી આપવામાં આવી હતી. આ કેમ્પમાં આજુબાજુના વિસ્તારમાં કોરોના મહામારી સમયે કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા ૧૭ જેટલા આશા બહેનોને કોરોના વેકેશનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે ઢુવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. મનસુખ બોસિયા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

ઈકો ઝોન મુદ્દે સરકારે લોલીપોપ આપી, અમારી માંગણી ઈકો ઝોનને સંપૂર્ણ રદ કરવાની છે : ઈકો ઝોન લડત સમિતિ-વાંકાનેર

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૪

વાંકાનેર તાલુકાના વિડિ ભોજપરા, ખીજડીયા, ઘીયાવડ, રાજાવડલા, કોઠી અને જાલસીકા સહિતના ગામોમાં મોટી સંખ્યામાં ખેડૂતોની ખેતીની જમીનને સરકારે એક નોટિફિકેશન બહાર પાડી ઈકો સેન્સિટીવ ઝોનમાં સમાવેશ કરેલ છે જેમાં આ તમામ ગામોની ખરાબ અને ગૌચરની જમીનોને પણ સામેલ કરેલ છે. ઉપરાંત ઈકો સેન્સિટીવ ઝોનમાં આવતી ખાનગી માલિકીની ખેતીની જમીનોના રેવન્યુ રેકોર્ડમાં પણ સરકારે બીજો હક દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ બાબતે વાંકાનેર વિસ્તારના ખેડૂતો અને માલધારીઓએ ઈકો ઝોનને રદ કરવાની માંગણી સાથે લડત ચલાવવા માટે ઈકો ઝોન લડત સમિતિની રચના કરી છે. વાંકાનેર સહિત સમગ્ર ગુજરાતમાં ખેડૂતો અને માલધારીઓ દ્વારા ચાલતી ઈકો ઝોન વિરોધી લડતના પરિણામ સ્વરૂપે ગુજરાત સરકાર દ્વારા એક પરિપત્ર બહાર પાડી ખેડૂતોના રેવન્યુ રેકોર્ડ નંબર ૭ માં સરકારનો બીજો હક દાખલ કરવાની મનાઈ કરવામાં આવી છે જે ખેડૂતો-માલધારીઓની આ ઝોન વિરુદ્ધની લડતમાં અડધો વિજય છે.

પરંતુ આ રીતે બીજો હક દાખલ કરવાનો સરકારનો કોઈ અધિકાર ન હોવા છતાં સરકારે જોગવાઈઓ વિરુદ્ધ આ પ્રક્રિયા કરી હતી જેમાં સરકારે આખરે પીછેહઠ કરવી પડી છે. ખરેખર બીજો હક દાખલ ન કરવાનો પરિપત્ર ખેડૂતો માટે લોલીપોપ સમાન છે જેથી વાંકાનેર વિસ્તારના ઈકો સેન્સિટીવ ઝોનમાં સમાવિષ્ટ તમામ ગામના ખેડૂતો અને માલધારીઓ આ ઈકો સેન્સીટીવ ઝોન વિરોધ કરતા ઝોનને સંપૂર્ણ પણે રદ કરવાની માંગણી સુધી લડત ચલાવાની જાહેરાત કરી છે. આ અંગે આજે શનિવારના રોજ વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે મળેલ ઈકો સેન્સીટીવ ઝોન લડત સમિતિ-વાંકાનેરની મિટિંગમાં સંપૂર્ણપણે ઈકો સેન્સિટીવ ઝોનને નાબૂદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં લડત ચલાવવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે.

વાંકાનેર પ્રાંત અધિકારીની ખાલી જગ્યા પર પ્રશાંત મંગુડા નિમણૂંક

દરેક સંસ્થાના સદ્કાર્યો નિયમીત રીતે વાંચો
હવે ચક્રવાતના માધ્યમથી..
આપના સેવાકીય કાર્યો
લોકો સુધી પહોચાડીશું અમે..
આપની વિગત ફોટોગ્રાફ સહિત અમને મેસેજ કરો
ધ્રુવ સંઘાણીયા : ડેસ્ક એડિટર : ચક્રવાત મીડિયા ગ્રુપ
મો.૭૦૯૬૬૯૪૨૯૪

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૪

થોડા સમય અગાઉ વાંકાનેર પ્રાંત અધિકારી એન.એફ.વસાવાને પોતાની સત્તા બહારના હુકમ કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જેથી વાંકાનેર પ્રાંત અધિકારીની જગ્યા ખાલી પડી હતી જેનો ચાર્જ હળવદ પ્રાંત અધિકારીને સોંપવામાં આવ્યો હતો જે બાદ ગઈકાલે ખાલી પડેલ વાંકાનેર પ્રાત અધિકારી(ડેપ્યુટી કલેકટર)ની જગ્યા પર દેવભૂમિ દ્વારકા જિલ્લાથી પ્રશાંત મંગુડાને મુકવામાં આવ્યા છે. શુક્રવારે ગુજરાત રાજ્યના મહેસુલ વિભાગે ૧૬ જેટલા જીએએસ અધિકારીઓની બદલીનો ઘાણવો ઉતાર્યો છે. જેમાં વાંકાનેર પ્રાંત અધિકારીની ખાલી પડેલી જગ્યા પર દેવભૂમિ દ્વારકાના જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પ્રશાંત મંગુડાની નિમણૂક કરવામાં આવી છે. જેથી અત્યાર સુધી વાંકાનેર પ્રાંતનો ચાર્જ સંભાળતા હળવદના પ્રાંત અધિકારી પર કામનું ભારણ હળવું થશે.

વાંકાનેરમાં વધુ એક નકલી ડોક્ટર ઝડપાયો

માટેલ રોડ પર ડિગ્રી વગર દવાખાનું ચલાવતા બોગસ તબીબને પકડી પાડતી મોરબી એસ.ઓ.જી. ટીમ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૪

વાંકાનેર વિસ્તારમાં કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર પ્રેક્ટિસ કરી દવાખાનું ચલાવતા વધુ એક બોગસ ડોકટરને મોરબી એસ.ઓ.જી. ટીમે ઝડપી લીધો હતો. જેમાં પોલીસે આરોપીની ધરપકડ કરી તેની સામે મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જિલ્લા પોલીસ અધિક્ષક એસ.આર. ઓડેદરા સાહેબની સૂચના તથા એસઓજી પીઆઈ જે. એમ. આલના માર્ગદર્શન હેઠળ મોરબી એસઓજી સ્ટાફ દ્વારા વાંકાનેર તાલુકાના માટેલ રોડ પર આવેલ અમરધામ ચોકડી, પ્રયાગ ચેમ્બર્સમાં પટેલ ક્લિનિક નામનું દવાખાનું કોઈ પણ પ્રકારની ડિગ્રી વગર ચલાવતા બોગસ ડોકટર પ્રવિણભાઈ મનસુખભાઈ વઘાસીયા (રહે. ઉમા ટાઉનશિપ, મોરબી)ને ઝડપી લીધો હતો. મોરબી એસઓજી ટીમ દ્વારા ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા નકલી ડોક્ટરને તેના દવાખાનેથી રંગે હાથ ઝડપી પાડી સ્થળ પરથી સારવાર માટેની દવાઓ તથા મેડિકલ સાધનો મળી કુલ રૂ.૧૫,૬૫૫ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ ૩૦, ૩૩ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોરબી એસઓજી ટીમની આ કામગીરીમાં એ.એસ.આઈ. કિશોરભાઈ મકવાણા, હેડ કો. રસિકભાઈ કડીવાર, જયપાલસિંહ જાડેજા, કો. ધર્મેન્દ્રભાઈ વાઘડીયા, સતિષભાઈ ગરચર, યોગેશદાન ગઢવી સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

વાંકાનેર : ટ્રક મારફતે દિલ્હી મોકલેલ ટાઈલ્સ ગ્રાહક પાસે પહોંચવાને બદલે રસ્તામાં જ ગાયબ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૪

મોરબીના ટ્રાન્સપોર્ટર દ્વારા વાંકાનેર તાલુકાના ઢુવા ગામ નજીક અને વઘાસીયા ટોલનાકા નજીક આવેલ ટાઈલ્સના કારખાનામાંથી ટાઈલ્સનો જથ્થો દિલ્હી ખાતે ગ્રાહકને મોકલાવવા માટે પોતાની રોડલાયન્સ મારફતે ટાઈલ્સ ભરેલ ટ્રક દિલ્હી રવાના કર્યો હોય જે ટ્રક ગ્રાહક સુધી ન પહોચાડી પોતાના આર્થિક લાભ માટે ટ્રક ડ્રાઈવરે ટાઈલ્સ ઓળવી ગયો હોવાની ફરિયાદ વાંકાનેર તાલુકા પોલીસ મથકે નોંધાવવામાં આવી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના લક્ષ્મીનગર ગામ નજીક આવેલ દુર્ગા રોડ લાયન્સના સંચાલક રોહીતાસ હનુમાન સહાયે વાંકાનેર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓ પોતાના દુર્ગા રોડ લાયન્સ દ્વારા મોહિતભાઈ સિંગલા (રહે-દિલ્હી)ના ઓર્ડર મુજબ વાંકાનેર તાલુકાના ઢુવા ગામ નજીક આવેલ ક્યુટોન સિરામિકના ઈ વે બીલ તા.૧૦-૦૧-૨૦૨૧ મુજબ અલગ-અલગ સાઈઝની ટાઈલ્સના કુલ બોક્સ ૨૭૫ જેની કીમત રૂ.૪,૦૨,૪૩૯ તથા વધાસીયા ટોલનાકા નજીક આવેલ ક્યુટોન સિરામિકના ઈ-વે બીલ તા.૧૧-૦૧-૨૦૨૧ મુજબ ૧૨૦૦×૧૨૦૦ સાઈઝની ટાઈલ્સના કુલ બોક્સ ૨૩૯ જેની કીમત રૂ.૨,૪૩,૫૦૦ એમ કુલ ટાઈલ્સ બોક્સ ૫૧૪ કીંમત રૂ.૬,૪૫,૯૩૯ ની ટાઈલ્સ આરોપી ટ્રક ટ્રેઈલર ઈત્ર ૦૨ ય્ ૨૬૦૫ માં ભરી બિલમાં જણાવેલ સરનામે ભારતીય સંસ્કૃતિ સેવા મિશન બી-૧ સેક્ટર ૧૬ રોહિણી દિલ્હીવાળાને પહોંચાડવા માટે રવાના કરેલ પરંતુ આરોપી ડ્રાઈવર બીસરામ સોનું (રહે-ભરતપુર રાજસ્થાન) અને ટ્રકના માલિક ઈર્શાદખાન ફજરુંખાન (રહે-લક્ષ્મણગઢ રાજસ્થાન) ટાઈલ્સ દિલ્હી ખાતે ગ્રાહકના સરનામે નહિ પહોંચાડી પોતાના આર્થિક લાભ માટે ટાઈલ્સ ઓળવી જઈ ગયા હતા. જેથી આ બનાવની ફરિયાદ ટ્રાન્સપોર્ટર દ્વારા વાંકાનેર તાલુકા પોલીસમાં નોંધાવતા પોલીસે ટાઈલ્સનો જથ્થો ઓળવી જનાર બંને આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાકાંનેર અમરસિંહજી હાઈસ્કૂલ ખાતે સરકારી જીમ સેન્ટરનું કલેક્ટરના હસ્તે લોકાર્પણ

ચક્રવાત ટીમ વાકાંનેર, તા.૨૪

વાંકાનેર શહેર ખાતે આવેલ અમરસિંહજી હાઈસ્કૂલ ખાતે રમત-ગમત અધિકારી, મોરબી દ્વારા વાકાંનેર તાલુકાના નાગરિકો અને બાળકો પોતાના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી અંગે જાગૃત બને તેવા હેતુથી રૂ.૨૨.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલા તાલુકા કક્ષાના જીમ સેન્ટરનું મોરબી જિલ્લા કલેકટર જે. બી. પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કોવીડ-૧૯ ના કારણે સરકારની ગાઈડ લાઈન મુજબ કલેક્ટરની હાજરીમાં અને રમત-ગમત અધિકારી, મોરબી હિરલબેન વ્યાસ તથા નાકીયા સાહેબના માર્ગદર્શન મુજબ વાંકાનેર ખાતે તાલુકા કક્ષાના જેમ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાંકાનેર યુવરાજ કેશરીદેવસિંહજી ઝાલા, શાળાના માનદ મંત્રી એ. બી. મહેતા તથા ટ્રસ્ટી સુરેશભાઈ કણસાગરા, કેતનભાઈ મહેતા, દાતા દમયંતીબેન મહેતા, ડો. મનિષકુમાર ભટ્ટ અને સચિનકુમાર શાહ ખાસ ઉપસ્થિત રેંા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષક એ. એમ. પટેલે જહેમત ઉઠાવી હતી. આ તકે શાળાના પ્રિન્સીપાલ આર. જે. મકવાણાએ વધુમાં જણાવ્યું હતું કે રમત ગમત અધિકારી, મોરબીની સુચના મુજબ જેમ સેન્ટર માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે જેની જાણ નાગરિકોને અગાઉથી કરવામાં આવશે. આ જીમ સેન્ટર શરૂ થયા બાદ વાંકાનેર તાલુકાના નાગરિકો સાથે સાથે શાળામાં અભ્યાસ કરતા બાળકોને પણ આ જિમ સેંટરનો લાભ મળશે અને પોતાના સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી અંગે લોકો તથા બાળકો જાગૃત બનશે.

ડીડીના બે ઓલરાઉન્ડર હર્ષલ પટેલ અને સેમ્સ હવે રમશે આરસીબીની ટીમમાં

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૩

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૪મી સીઝનમાં ટ્રેડ વિંડો ૪ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ દરમિયાન, રોયલ ચેલેન્જર્સ બેંગલોર દ્વારા દિલ્હી કેપિટલ્સના ૨ ઓલરાઉન્ડર, હર્ષલ પટેલ અને ડેનિયલ સેમ્સને કેશ ડીલથી ટ્રેડ કર્યા છે.

હર્ષલ અગાઉ પણ બેંગલોર માટે રમ્યો છે. તેને ૨૦૧૮માં દિલ્હીએ ખરીદ્યો હતો. તે જ સમયે, સેમ્સ પ્રથમ વખત ૧૩ મી સીઝનમાં લીગ સાથે જોડાયો હતો. અત્યાર સુધી ૩ ખેલાડીઓ ટ્રેડ કરાયા છે. ચેન્નાઈ સુપર કિંગ્સે રોબિન ઉથપ્પાને રાજસ્થાન રોયલ્સ પાસેથી ટ્રેડ ડીલમાં લીધો છે. ઉથપ્પા હવે એમએસ ધોનીની કપ્તાનીમાં રમતો જોવા મળશે.

યુએઈમાં રમાયેલી આઈપીએલની ૧૩મી સીઝનમાં, સેમ્સે દિલ્હી તરફથી કુલ ૩ મેચ રમી હતી. આમાં તેણે શૂન્ય રન બનાવ્યા હતા. તે જ સમયે, તે મેચોમાં તેણે ૧૨ ઓવર ફેંકી અને ૯.૫૦ની ઈકોનોમી સાથે રન આપ્યા. જો કે, આ પછી તે ઓસ્ટ્રેલિયાની ડોમેસ્ટિક ટી ૨૦ ટૂર્નામેન્ટ બિગ બેશ લીગમાં શાનદાર ફોર્મમાં દેખાયો હતો.

કોહલી આઠ વર્ષમાં એક પણ ટાઈટલ જીત્યો નથી તો કેપ્ટન શા માટે: ગંભીર

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૩

આઈપીએલ ૨૦૨૧ને લઈને તૈયારીઓ શરુ થઈ ગઈ છે. અનેક ફ્રેન્ચાઈજીએ ખેલાડીઓને રિલીઝ કરી દીધા છે. તેની વચ્ચે ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર અને ભાજપ સાંસદ ગૌતમ ગંભીરે આઈપીએલમાં આરસીબીની ટીમનું નેતૃત્વ કરી રહેલા વિરાટ કોહલી પર નિશાન સાધ્યું છે.

ગૌતમ ગંભીરે સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાતચીતમાં કોહલી પર પ્રહાર કરતા કહ્યું કે, ૮ વર્ષમાં એક પણ ટ્રોફી નથી જીતી, આ ખૂબજ લાંબો સમય છે. એવો કોણ કેપ્ટન કે પ્લેયર છે જે આઠ વર્ષ એકપણ ટાઈટલ જીત્યા વગર રમી રહ્યો છે. ગંભીરે કહ્યું કે, આવી નિષ્ફળતા માટે કેપ્ટનની જવાબદારી બને છે. કોહલીએ આગળ આવીને કહેવું જોઈએ કે તેના માટે તે પોતે જવાબદાર છે. ઉલ્લેખનીય છે કે, આગામી સિઝન આ વર્ષે એપ્રિલમાં યોજાવાની છે. ફેબ્રુઆરીમાં ખેલાડીઓની હરાજી થશે. કોહલીની આરસીબી ટીમે આઠ ખેલાડીઓને રિલીઝ કરી દીધા છે. ગૌતમ ગંભીરે તેના પર નિશાન તાકતા કહ્યું, આરસીબીની સૌથી મોટી સમસ્યા છે કે, તે દર વર્ષે ફેરફાર કરે છે અને ખેલાડીઓમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. ગંભીર આફ્રિકી ઓલરાઉન્ડર ક્રિસ મોરિસના રિલીઝ કરવા પર સૌથી વધુ હૈરાન છે. ગૌતમ ગંભીરે કહ્યું, ક્રિસ મોરિસને તમે બહાર કરી દીધો. તમે તેના પર ઘણો વિશ્વાસ કરો છો.

દર્શકો વિના જ રમાશે ઈંગ્લેન્ડ સામે પ્રથમ બે ટેસ્ટ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૩

ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં મળેલી શાનદાર જીત બાદ ટીમ ઈન્ડિયા હવે ઘર આંગણે ઈંગ્લેન્ડનો મુકાબલો કરવા માટે આતુર છે.

કોરોનાના આગમન બાદ ભારતમાં પહેલી વખત ટેસ્ટ સિરિઝ રમાવા જઈ રહી છે.ભારતના પ્રવાસે આવી રહેલી ઈંગ્લેન્ડની ટીમ ચાર ટેસ્ટ મેચ રમવાની છે.જેમાંથી પહેલી બે ટેસ્ટ ચેન્નાઈમાં રમાશે.જોકે ક્રિકેટ ચાહકો માટે નિરાશ કરનારી વાત એ છે કે, તામિલનાડુ ક્રિકેટ એસોસિએશને બંને ટેસ્ટ માટે દર્શકોને એન્ટ્રી નહીં આપવાનો નિર્ણય કર્યો છે. આ બંને ટેસ્ટ ખાલી સ્ટેડિયમમાં રમાશે. તામિલનાડુ ક્રિકેટ એસોસિએશને પોતાના સભ્યોને પણ જણાવી દીધુ છે કે, મેચ દરમિયાન સ્ટેડિયમમાં દર્શકોને એન્ટ્રી અપાશે નહીં.ભારત સરકાર તમામ આઉટડોર ગેમમાં ૫૦ ટકા દર્શકોને એન્ટ્રી આપવાની મંજૂરી આપી ચુકી છે ત્યારે પણ તામિલનાડુ ક્રિકેટ એસોસિએશન આ માટે તૈયાર નથી. એસોસિએશનનુ કહેવુ છે કે, અમે કોઈ જાતનુ જોખમ ઉઠાવીને ખેલાડીઓની સુરક્ષા સાથે રમત કરવા માંગતા નથી. ચેન્નાઈમાં પહેલી ટેસ્ટ પાંચ ફેબ્રુઆરીથી અને બીજી ટેસ્ટ ૧૩ ફેબ્રુઆરીથી રમાશે.

જોકે બીજી બે ટેસ્ટ મેચ અમદાવાદમાં રમાવાની છે.જ્યાં ૨૦ થી ૩૦ ટકા દર્શકોને એન્ટ્રી આપવા માટેની વિચારણા ચાલી રહી છે.અમદાવાદમાં ત્રીજી ટેસ્ટ ૨૪ ફેબ્રુઆરીથી રમાશે .જે ડે-નાઈટ હશે અને આખરી ટેસ્ટ ચાર માર્ચથી આઠ માર્ચ વચ્ચે રમાશે.

ગાબાની પોતાની ૯૨ રંગની જોરદાર ઈનિંગનો શ્રેય આપ્યો યુવરાજસિંઘને

(જી.એન.એસ)ચંડીગઢ,તા.૨૩

ઓસ્ટ્રેલિયાના પ્રવાસે પોતાના બેટથી ટીમ ઈન્ડિયાને ધમાકેદાર જીત અપાવનારા ઓપનર શુભમન ગિલે સફળતા અંગે રાજ ખોલ્યા છે. તેણે જણાવ્યું કે તેના સારા પરફોર્મ માટે ભારતને બબ્બે વર્લ્ડકપ જીતાડનારા હરફનમૌલા ખેલાડીને ક્રેડિટ આપ્યું છે.

ગિલને ઓસ્ટ્રેલિયન પ્રવાસે ઓપનર પૃથ્વી શો નિષ્ફળ જતા ટેસ્ટ ડેબ્યુની તક મળી હતી. જે તેણે આબાદ ઝડપી લઈ ૩ ટેસ્ટના ૬ દાવમાં ૨૫૯ રન બનાવી દીધા. જેમાં બે અડધી સદીનો સમાવેશ થાય છે. તેમાંથી સર્વોચ્ચ ૯૧ રન તેણે બ્રિસ્બનની ઐતિહાસિક જીતમાં બનાવ્યા. આ યુવાન બેટ્સમેનને પોતાની પરફોર્મન્સથી સૌના દિલ જીતી લીધા. શુભમન સહિત યુવાન અને ટેસ્ટ મેચના બિન અનુભવી યુવાનોના સાહસને કારણે ભારતે ગાબા સ્ટેડિયમમાં ૩૩ વર્ષથી ચાલ્યા આવતા વિજય રથને રોકી દીધો. આ સીરિઝમાં શુભમને ઓપનિંગમાં મિશેલ સ્ટાર્ક, પેટ કમિન્સ અને જોશ હેઝલવુડ જેવા ઓસ્ટ્રેલિયાના ઘાતક બોલરોનો માત્ર સામનો જ ન કર્યો રન બનાવી તેમને રણનીતિ બદલવા મજબૂર પણ કરી દીધા. શુભમન ગિલે હવે પોતાની શ્રેષ્ઠ ઈનિંગ્સનું ક્રેડિટ ટીમ ઈન્ડિયાના પૂર્વ હરફનમૌલા ખેલાડી યુવરાજને આપ્યું છે. યુવી તરીકે જાણીતા યુવરાજે ભારતને બબ્બે વર્લ્ડકપ જીતાડવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

શુભમને જણાવ્યું કે યુવરાજ સિંહ મને પ્રેક્ટિસમાં વિવિધ એંગલથી ૧૦૦થી વધુ શોર્ટ પિચ બોલ ફેંકતા હતા. જેનાથઈ મને રમવામાં ઘણી મદદ મળી. જ્યારે ભારત માટે ટેસ્ટ ડેબ્યુ કરવું બહુ મોટી વાત હતી. હું થોડો નર્વસ પણ હતો. પરંતુ દરેક ઈનિંગ બાદ મારી અંદર આત્મવિશ્વાસ વધતો ગયો.

ભારતની ટીમને તેના ઘરમાં જઈને હરાવવી એ એસિઝ જીત કરતા મોટી ઉપલબ્ધિ : ગ્રીમ સ્વાન

(જી.એન.એસ.)લંડન,તા.૨૩

ભારતે ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરમાં હરાવીને સીરીઝ કબજે કરી, ભારતીય ટીમના આ જુસ્સા પર ક્રિકેટ દિગ્ગજો ફિદા છે. હવે ઈંગ્લેન્ડના પૂર્વ સ્ટાર સ્પિનર ગ્રીમ સ્વાને પણ ભારતની પ્રસંશા કરી છે. પરંતુ સાથે સાથે ઈંગ્લેન્ડને એક મોટી સલાહ પણ આપી છે. સ્વાનનુ માનવુ છે કે જો ઈંગ્લેન્ડ આગામી સીરીઝ ભારતને ભારતમાં જ હરાવે છે તો તેમના માટે તે એશેઝ કરતા પણ મોટી ઉપલબ્ધિ ગણાશે.

ગ્રીમ સ્વાને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું ઈંગ્લેન્ડ હંમેશાથી કહે છે કે એશેઝ સીરીઝ થવાની છે, ઓસ્ટ્રેલિયા હવે દુનિયાની સર્વશ્રેષ્ઠ ટીમ નથી રહી, જે એકસમયે રહેતી હતી. એકસમયે ઓસ્ટ્રેલિયા ખુબ આગળ અને જબરદસ્ત ટીમ ગણાતી હતી. સ્વાને કહ્યું કે, અમારે (ઈંગ્લેન્ડે) એશેઝ સીરીઝથી આગળ વધવુ પડશે, મને લાગે છે કે હજુ ભારતને ભારતમાં હરાવવુ મોટી ઉપલબ્ધિ છે. ૨૦૧૨માં તેમના પર અમારી જીત બાદથી તે ભારતમાં લગભગ અજય છે.

સ્વાને કહ્યું- પહેલા એશેઝ જીતવી ઉપલબ્ધિ ગણાતી, પરંતુ ઓસ્ટ્રેલિયા પહેલા જેવી નથી રહી. હવે ભારતને ભારતમાં જ હરાવવી એ એશેઝ કરતાં પણ મોટી ઉપલબ્ધિ ગણી શકાય. ઈંગ્લેન્ડ દુનિયાની સર્વશ્રેષ્ઠ ટીમ બનવા માંગે છે તો તેમને માત્ર ઓસ્ટ્રેલિયાને ઓસ્ટ્રેલિયામાં જ નહીં પરંતુ ભારતને ભારતમાં પણ હરાવવી પડશે, ત્યારે ઈંગ્લેન્ડ આગળ વધી શકશે. ઉલ્લેખનીય છે કે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એશેઝ સીરીઝ ડિસેમ્બરમાં રમાવવાની છે.

દીપિકા પાદૂકોણ જોન સિનાની એક ટેલેન્ટ એજન્સીમાં કરશે કામ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૩

નંબર વન અભિનેત્રી દીપિકા પાદુકોણ ફરી એક વખતથી હોલીવૂડને પોતાની કળા બતાવવા તૈયાર થઈ રહી છે. તેણે અમેરિકાની એક ટેલેન્ટ મેનેજમેંટ એજન્સી આઈસીએમ પાર્ટનર્સને હોલીવૂડમાં પોતાનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી છે. આ ટેલેન્ટ એજન્સી દીપિકાને કેટલાક હોલીવૂડ પ્રોજેક્ટ અપાવવામાં મદદ કરશે. દેશમાં રહીને દીપિકા સતત ફિલ્મોતો કરી જ રહી છે. હવે તે ઈચ્છે છે કે તેને વિદેશોમાંથી પણ ફિલ્મોની ઓફર મળે અને વિદેશોમાં પણ તેનું નામ બને. દેશની હાલની અભિનેત્રીઓમાં દીપિકાનું નામ સૌથી ઉપર છે. તે કમાણીમાં પણ ખુબ જ આગળ છે. દીપિકા પાદૂકોણ ફિલ્મોમાં કામ કરવાના મામલામાં પણ નંબર વન છે.

કમાણીમાં તો દીપિકા ઘણા અભિનેતાઓને પણ પાછળ છોડી દે છે. જ્યારે દેશમાં તેનું આટલુ વર્ચસ્વ છે તો પછી તે દૂનિયા ભરમાં કેમ ન ફેલાવે ? એટલા માટે દીપિકા પાદૂકોણે નિર્ણય કર્યો છે કે તે હોલીવૂડમાં પણ કામ કરતી રહેશે. જે પ્રકારે દેશી ગર્લના નામથી જાણતી અભિનેત્રી પ્રિયંકા ચોપરા હિંદી ફિલ્મો ઓછી અને અંગ્રેજી ફિલ્મો વધારે કરી રહી છે. તે જોઈને દીપિકા પાદૂકોણ પણ આગળનું વિચારી રહી છે. આમ તો હવે દીપિકા માટે ભાષાને લઈનો કોઈ પ્રોબ્લેમ નથી રહ્યો. શરૂઆતથી જ દીપિકા હિંદી ફિલ્મોમાં કામ કરતી રહી અને પોતાનું નામ બનાવતી રહી છે. હાલમાં જ દીપિકાએ તેલુગુ ફિલ્મોના સુપરસ્ટાર અભિનેતા પ્રભાસની સાથે એક ફિલ્મની જાહેરાત કરી છે. જેનું નિદર્શન નાગ અશ્વિન કરશે. ફિલ્મ વિશે હજુ કોઈ જાણકારી આપવામાં આવી નથી. પરંતુ દીપિકાએ આ સાથે ઉત્તરથી દક્ષિણની ઉડાન ભરી લીધી છે.

હવે વારો છે દેશથી વિદેશ સુધી પહોંચવાની. એટલા માટે દીપિકાએ અમેરિકાની ટેલેન્ટ મેનેજમેન્ટ એજન્સી આઈસીએમ પાર્ટનર્સની સાથે હાથ મેળવ્યો છે. દીપિકાએ જે ટેલેટ મેનેજમેન્ટ એજન્સીની સાથે હોલીવૂડની સફર આગળ વધારવાની તૈયારી કરી છે. તે એજન્સી જોન સીના, રેજિના કિંગ,ઓલિવિયા કોલમન, લાના કોંડોર,ઈયાન સોમરહલ્ડર જેવા કલાકારોને પણ મેનેજ કરે છે. હવે દીપિકા પાદૂકોણ પણ તેનો ભાગ છે. હવે એ નક્કી છે કે દીપિકા પાદૂકોણ જલદીથી કોઈ હોલીવૂડ પ્રોજેક્ટમાં નજરે પડશે. દીપિકાએ પહેલા પણ હોલીવૂડમાં પોતાની ઉપસ્થિતિ દાખલ કરાવી છે. વર્ષ ૨૦૧૭માં રિલીઝ થયેલી ફિલ્મ ટ્રિપલ એક્સ – રિટર્ન ઓફ જેંડર કેજમાં એક મુખ્ય ભૂમિકા નિભાવી હતી.

ફિલ્મના પડદે જોવા મળશે 'ઈન્ડિયા લોકડાઉન', મધુર ભંડારકરની ફિલ્મનું પોસ્ટર રિલીઝ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૩

કોરોના રોગચાળા દ્વારા લાદવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉનને ભાગ્યે જ કોઈ ભૂલી શકે. આ ભૂલી ન શકાય તેવી ઘટના જલ્દીથી ફિલ્મના સ્ક્રીન પર પણ જોઈ શકાય છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ નિર્માતા મધુર ભંડારકર તેમની નવી ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ ફિલ્મમાં ભંડારકર ભારતમાં લોકડાઉનની વાર્તા બતાવશે. ખરેખર આ ફિલ્મ દરેક સામાન્ય વ્યક્તિ સાથે સંકળાયેલી છે, જેમણે લોકડાઉનમાં વિતાવેલી ક્ષણોનો અનુભવ કર્યો છે. ભંડારકરની ફિલ્મનું નામ 'ઈન્ડિયા લોકડાઉન' છે. મહત્વનું છે કે, મધુર ભંડારકર લાંબા સમય પછી એક ફિલ્મ સાથે આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે આ ફિલ્મ દ્વારા મધુર ભંડારકર એક મહાન પુનરાગમન કરશે.

આ ફિલ્મમાં પ્રિતિક બબ્બર, શ્વેતા બાસુ પ્રસાદ, અહના કુમરા, પ્રકાશ બેલાવડી મુખ્ય ભૂમિકામાં છે. નોંધપાત્ર વાત એ છે કે, સત્ય ઘટના પર આધારીત આ ફિલ્મમાં આ સામાજિક નાટક ફિલ્મ ભાવનાત્મક, માનસિક અને આર્થિક વિક્ષેપની આસપાસ ફરે છે. આ ફિલ્મમાં ઝરીન શિહાબ અને આયેશા અમીન મુખ્ય ભૂમિકામાં છે. દિગ્દર્શક મધુર ભંડારકરે આ ફિલ્મનું પહેલું પોસ્ટર શેર કર્યું હતું અને લખ્યું હતું ફિલ્મ 'ઈન્ડિયા લોકડાઉન' આવતા અઠવાડિયાથી ફ્લોર જવા તૈયાર છે. આ એક ટીઝર પોસ્ટર છે. ભંડારકરે લખ્યું કે તમારો પ્રેમ આપો. આ પોસ્ટમાં બે બાળકો પણ નજરે પડે છે અને ફોટામાં બેરિકેડ્સ જોવા મળી રહ્યા છે. વળી, એક માણસ કૂતરાને ચાલતો હોય છે. નોંધપાત્ર વાત એ છે કે, મધુર ભંડારકર હંમેશાં કેટલીક વિવિધ પ્રકારની ફિલ્મોના નિર્માણ માટે જાણીતા છે.

આ ફિલ્મમાં, મધુર ભંડારકર વિવિધ લોકડાઉન વાર્તાઓ બતાવશે. નોંધપાત્ર વાત એ છે કે ગયા વર્ષે કોરોના રોગચાળાને કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ માર્ચ ૨૦૨૦ ના રોજ દેશવ્યાપી લોકડાઉન લગાવી દીધું હતું. આ પછી, દેશમાં બધું બંધ થઈ ગયું હતું. કામદારો અને સામાન્ય લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો અને ઘણા લોકોની નોકરી ગુમાવી હતી.

બચ્ચન પાંડે ૨૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ રીલિઝ થશે



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૩

બોલિવૂડ સુપર સ્ટાર અક્ષય કુમારે આ અઠવાડિયાના અંતે ફેન્સને ખુબ સરસ ખુશખબરી આપી છે. કેટલાક સમય પહેલાં જ સોશિયલ મીડિયા પર પોતાની આવનારી ફિલ્મ બચ્ચન પાંડેની રીલિઝ ડેટનું એલાન કર્યું છે અને ફેન્સને સરપ્રાઈઝ આપી છે. પરંતુ આ વખતે તારીખ કરતાં વધારે અક્ષયના લૂકની ચર્ચા કરવામાં આવી રહી છે.

અક્ષય કુમાર સ્ટારર બચ્ચન પાંડે આગળના વર્ષે ૨૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ રીલિઝ થશે. અક્ષયે ઈન્સ્ટા પર આ પોસ્ટ કરીને તારીખની પુષ્ટિ કરી છે. તેણે ફિલ્મનો એક ખતરનાક લૂક શેર કર્યો છે અને પોસ્ટ કરી છે. આ પોસ્ટ હાલમાં ખુબ જ વાયરલ થઈ રહી છે અને ૧૭ લાખ કરતાં પણ વધારે લાઈક્સ મળી ચૂકી છે. આ તસવીરમાં અક્ષય કુમાર દાઢી, ચંકી ચેન અને નકલી આંખો સાથે એક અલગ જ કેરેક્ટરમાં જોવા મળી રહ્યો છે. તેણે આ ફોટો શેર કરીને કેપ્શનમાં લખ્યું કે એનો એક જ લૂક પાંડે કાફી છે, બચ્ચન પાંડે ૨૬ જાન્યુઆરી ૨૦૨૨એ રિલીઝ થશે. કૃતિ સેનન અને જેક્લીન સાથે અક્ષયે જેસલમેરમાં બુધવારે આ ફિલ્મનું શુટિંગ શરૂ કર્યું બહતું. માર્ચ સુધી શુટિંગ શરૂ જ રહેશે.

ભાવનગર-અમદાવાદ હાઈવે પર ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત : બેના મોત

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

ભાવનગર-અમદાવાદ હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. કારમાં સવાર પમાંથી ૨ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતા, જ્યારે અન્ય ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. મૃતદેહ બહાર કાઢવા માટે ક્રેઈનની મદદ લેવી પડી હતી. બનાવની

જાણ થતાં લોકો એકઠા થયા હતા અને પોલીસને જાણ કરી હતી. બનાવની પ્રાપ્ત પ્રારંભિક માહિતી અનુસાર, ભાવનગર અમદાવાદ હાઈવે પર પીપળી વટામણ રોડ પાસે એક ટ્રક અમદાવાદ તરફ જઈ રહ્યો હતો, જે ધડાકાભેર સામેથી આવતી કાર સાથે અથડાયો હતો. અકસ્માતનો ભોગ બનનાર કાર તેલંગણા પાસિંગની છે. બનાવની જાણ થતાં પોલીસ પહોંચી હતી અને કારમાં ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા ક્રેઈન બોલાવી હતી. અકસ્માતમાં ત્રણ ઈજાગ્રસ્તોમાંથી એકની હાલત ગંભીર જણાતા ધોળકા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યારે ૨ને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. બે મૃતદેહોને પીએમ અર્થે મોકલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભૂજમાં કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત : એક ઘાયલ

(જી.એન.એસ.)ભુજ,તા.૨૪

રાજ્યમાં રોજેરોજ અકસ્માતના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે કચ્છ અને ભુજની ભાગોળે કાર અને બાઈક વચ્ચેનો અકસ્માત સામે આવ્યો છે. ભુજની ભાગોળે એરફોર્સના મુખ્ય પ્રવેશદ્વાર પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ યુવાનોના મોત નિપજતા અરેરાટી છવાઈ ગઈ છે. ગઈકાલે રાત્રે ૮ વાગ્યાના અરસામાં ફોરચ્યુનર કારે બાઈક સાથે ઉભેલાં ચાર

યુવકોને પાછળથી ટક્કર મારતાં આ આ અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારા અકસ્માતમાં એક જ પરિવારના ચાર પૈકી ત્રણ યુવાનોના મોત નીપજ્યા છે. જેના કારણે પરિવાર સહિત આખા ગામમાં રોષ વ્યાપ્યો છે. આ અકસ્માતમાં ઘવાયેલા ૪ પૈકી ત્રણ યુવાનો કાળનો કોળિયો બન્યા હતા અકસ્માત સર્જ્યાં બાદ જીજે-૧૨ ડીએમ-૬૨૯૯ નંબરનો કારચાલક કાર સાથે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. અકસ્માતમાં મુસ્તાક સમા (ઉ.વ.૧૬), અબ્દ્રેમાન સાલે સમા (ઉ.વ.૩૫), તૈયબ રહીમ સમા (ઉ.વ.૨૦) અને હનીફ નુરમામદ સમા (ઉ.વ.૧૭)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેઓને સારવાર માટે ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જે પૈકી ત્રણ યુવાનોના સારવાર દરમ્યાન મોત નિપજતા અરેરાટી છવાઈ ગઈ છે.

અમદાવાદમાં ટ્રાફિક નિવારવા રોડ સેફ્ટિ માસનો શુભારંભ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

અમદાવાદ શહેર પોલીસ દ્વારા રોડ સેફટી માસનો શુભારંભ કરવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસ સાથે અકસ્માત અને ટ્રાફીકને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે લાયન્સ ક્લબના ગવર્નરને એક ખાસ અપીલ કરી હતી.

અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારોને ટ્રાફિક બાબતે દત્તક લેવામાં આવે તો ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાઓનું નિરાકરણ થઇ શકે તેવી રજૂઆત કરી હતી.

કોરોના મહામારીના કારણે માસ્કના દંડ બાબતે પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું. જો કે પોલીસ કમિશનરે પોલીસ કર્મીઓને લોકો સાથે ઘર્ષણમાં નહીં પડવાની સૂચના આપી હતી.આ સેમિનારમાં સારી કામગીરી કરનાર પોલીસ જવાનને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ધ્રાંગધ્રા નજીક બસે કારને ઠોકર મારતા ૩ના મોત ૧ ગંભીર

ખેતરમાં પાણી પાવા (સીંચાઈ)નું મશીન રીપેરીંગ કરાવવા સોલડીથી ધ્રાંગધ્રા જતા હતા ત્યારે સર્જાયો અકસ્માત

ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૨૪ અહીં નજીક આજે સાંજે ૫:૪૦ કલાક આસાસ એસ.ટી.ની મનીબસ તથા સ્વિફટ કાર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં સોલડીની ૨ તથા ધ્રાંગધ્રાની ૧ વ્યક્તિ ઘટનાસ્થળે જ મોત પામેલ તેમજ અન્ય એક વ્યક્તિને ગંભીર હાલતમાં સારવાર અર્થે સુરેન્દ્રનગર

સરકારી હોસ્પિટલ ખાતે ખસેડેલ છે.

ધ્રાંગધ્રા તાબાના સોલડી ગામે ખેતી સાથે સંકળાયેલ રાજુભાઈ તળશીભાઈ રેવર, વિપુલ ગોવિંદભાઈ વાઢેર, દિપક ટોકરભાઈ ભાઈ રાઠોડ તથા દલપત મોતીભાઈ જાદ ખેતીની સિંચાઈમાં વપરાતું પાણીનું મશીન રીપેરીંગ અર્થે કાર નં.જી.જે.૧૩-એન.એન.૬૯૦૪ ધ્રાંગધ્રા તરફ જતા હતા ત્યારે પાછળથી આવી રહેલ એસ.ટી.ની મીનીબસ નં.જી.જે.-૧૮-ઝેડ-૫૪૫૧ ધડાકાભેર અથડાતાં અકસ્માત સર્જાયેલ હતો. કાર સાથે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી બસ અથડાતા સર્જાયેલ અકસ્માતથી કારમાં મુસાફરી કરી રહેલા સોલડીના રાજુભાઈ અને દિપક ઉપરાંત ધ્રાંગધ્રાના દિપક રાઠોડના ઘટનાસ્થળે જ મોત નિપજેલ હતાં. જ્યારે અકસ્માતના કારણે ગંભીર રીતે ઘવાયેલ દલપત જાદવને સારવાર અર્થે સુરેન્દ્રનગર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ. બનાવની જાણ થતા મામલતદાર ભગીરથસિંહ ઝાલા, પોલીસ ઈન્સ્પેકટરે અમીનાબેન પોતાના મદદનીશોને ઘટનાસ્થળે દોડાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

રાજકોટમાં આઠ વિદેશ પક્ષીઓના મોતથી રહીશોમાં બર્ડ ફ્લૂની દહેશત

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨૪

દેશમાં કોરોના રસી આવ્યા બાદ કોરોના વાયરસની મહામારીના આંક ઘટી રહ્યાં છે ત્યારે બર્ડ ફ્લૂએ માથુ ઉંચક્યું છે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરમાં હાલ બર્ડ ફ્લુનો ફફડાટ જોવા મળી રહ્યો છે. ત્યારે રાજકોટના જિલ્લા ગાર્ડનમાં છ જેટલા રોજી સ્ટાર્લિંગ નામના પક્ષીઓના મોત નિપજ્યાનું સામે આવ્યું છે. જીલ્લા ગાર્ડનમાં સવારે મોર્નિંગ વોક કરવા નીકળેલા લોકોએ કુલ છ જેટલા પક્ષીઓના મોત નિપજ્યા હોવાની જાણ રાજકોટ શહેર પોલીસના કંટ્રોલરૂમમાં કરી હતી. ત્યારે રાજકોટ શહેર પોલીસ કંટ્રોલરૂમ દ્વારા રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસને સમગ્ર મામલાની જાણ કરવામાં આવી હતી. ત્યારે ઘટનાની જાણ થતાં જ ભક્તિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

અમદાવાદના જુહાપુરાની આઠ દુકાનોમાં ભીષણ આગ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

શહેરમાં આગના બનાવોમાં વધી રહ્યા છે. ત્રણ દિવસ પહેલા ગોતા વિસ્તારમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. જ્યારે આજે ફરી અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. આજે વહેલી સવારે જુહાપુરાની ૮ દુકાનોમાં આગ લાગી હતી. ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ

આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું કહેવાઈ રહ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ હોવાના સમાચાર નથી. અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં વહેલી સવારે આગ લાગવાની ઘટના સામે આવી છે. જુહાપુરામાં લાગેલી આ આગે જોતજોતામાં ૮ દુકાનોને પોતાની ચપેટમાં લઈ લીધી હતી.

સુરતમાં ૩૫ લાખના ગાંજા સાથે ત્રણ લોકોની ધરપકડ

(જી.એન.એસ.)સુરત,તા.૨૪

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાંથી એમડી ડ્રગ્સ અને ગાંજાનો જથ્થો મોટા પ્રમાણમાં ઝડપી પાડવામાં આવ્યો હતો, જેમાં ડ્રગ્સમાં બે અને ગાંજામાં એક આરોપીની ધરપકડ કરી ૩૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો અને આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સુરત શહેરને નશામુક્ત બનાવવા માટે સુરત પોલીસ દ્વારા સપ્ત પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જો કે હજુ પણ આ નશાનો કારોબાર ચાલી રહ્યો છે અને યુવાધનને બરબાદ કરવા અનેક લોકો સક્રીય છે ત્યારે આવા જ નશાનો કારોબાર કરનાર ગુનેગારોને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા. સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે સુરતના સોદાગરવાડ ખાતે ઉસ્માનગની ઉર્ફે સલમાન ડોબીવાલા અને તેના પિતા ડ્રગ્સનો કારોબાર કરી રહ્યા છે, જે હકીકતના આધારે પોલીસે રેડ કરીને તેમના મકાનમાંથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો હતો.

છ મહાનગરોમાં ભાજપ દ્વારા આજથી મુરતીયાઓની પસંદગી કાર્યક્રમનો પ્રારંભ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ તમામ પાર્ટીઓ પોતાની રણનીતિ બનાવવામાં લાગી ગઈ છે. ભાજપ અને કોંગ્રેસ સિવાય આપ અને એઆઈએમઆઈએમ પણ પોતાના ઉમેદવારો ઉતારવાની હોવાથી આ ચૂંટણીમાં કાંટાની ટક્કર જોવા મળશે. એવામાં ભાજપ અને કોંગ્રેસે પોતાની આગવી વ્યૂહરચના ઘડવી પડશે. ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે કોંગ્રેસે છત્તીસગઢના ગૃહમંત્રી તામ્રધ્વજ સાહૂને ખાસ જવાબદારી સોંપી છે.

ગુજરાતની આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના અભિયાન અને સમન્વયની દેખરેખ માટે છત્તીસગઢના ગૃહમંત્રી તામ્રધ્વજ સાહૂની સીનિયર ઑબ્ઝર્વર તરીકે વરણી કરી છે. આ અંગે તામ્રધ્વજ સાહૂએ ટ્વીટ કરીને આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, માનનીય કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી દ્વારા આપવામાં આવેલી આ મહત્વની જવાબદારીને હું સ્વીકારુ છે. ગુજરાત કોંગ્રેસના સાથીઓ સાથે મળીને અમે આ ચૂંટણી લડીશુ અને જીતીશું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે ભાજપે ઉમેદવારો માટે સેન્સ લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. અમદાવાદમાં ૧૨ નિરીક્ષકોની ટીમ ૨ દિવસ સુધી ટિકિટ વાંચ્છુકોને સાંભળશે. શહેરના નારપુરા, ગોતા, સરખેજ સહિતના ૩૬ વોર્ડ માટે સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

ગુજરાતના કોંગ્રેસ નિરિક્ષક તરીકે છત્તિસગઢના ગૃહમંત્રીની નિમણૂંક

સાતવનું પત્તુ કપાયા હોવાની ચર્ચા

અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ ચૂંટણીને લઈ કોંગ્રેસ હાઈકમાન્ડે મોટો નિર્ણય લીધો છે. કોંગ્રેસ હાઈકમાન્ડે અચાનક તામ્રધ્વજ સાહુની નિરીક્ષક તરીકે નિમણૂંક કરી છે. કોંગ્રેસના આ નિર્ણયથી પ્રભારી રાજીવ સાતવની પાંખો કપાઈ છે. તેમજ તામ્રધ્વજ સાહુ કો-ઓર્ડિનેશન કમિટી અને કેમ્પેઈન કમિટીના નિરીક્ષક બન્યા છે. જેને પગલે રાજીવ સાતવની પાંખો કપાઈ હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. આ પહેલા ગુજરાત કોંગ્રેસમાં આ પ્રકારની ક્યારેય નિમણૂંક થઈ નથી. તમામ કામગીરી પ્રભારી જ સંભાળે છે. હાઈકમાન્ડે અચાનક આ નિર્ણય કરતા સાતવની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, તામ્રધ્વજ સાહુ છત્તિસગઢના ગૃહમંત્રી છે. રાજ્યના પ્રભારી રાજીવ સાતવના પ્રભારી તરીકેના સમય દરમિયાન જ કોંગ્રેસના ૨૦થી વધુ ધારાસભ્યોએ પક્ષપલટો કર્યો છે. કોંગ્રેસના ધારાસભ્યોને સાચવવામાં અમિત ચાવડા-પરેશ ધાનાણી જ નહીં, રાજીવ સાતવ પણ નિષ્ફળ રહ્યા હતા.

બર્ડ ફ્લૂના ડરથી ગીર સોમનાથમાં ફાર્મના ૨૨૦ મરઘાઓને દફનાવાયા

પશુ ચિકિત્સકની ટીમ દ્વારા નિર્ણય

(જી.એન.એસ.)ગીર સોમનાથ,તા.૨૪

ગીર સોમનાથના ચીખલી ગામે દેશી મરઘા ફાર્મના ૧૦ મરઘાનો બર્ડફ્લૂ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બર્ડફ્લૂ પોઝિટિવ કેસથી જિલ્લ તંત્ર હરકતમાં આવ્યું છે. જિલ્લા તંત્ર દ્વારા ૧૦ કિમીના વિસ્તારમાં માંસ અને ચિકન પર પ્રતિબંધ લગાવ્યો છે. ગીર સોમનાથના ઉનાના ચીખલી ગામે ભાવેશભાઈ પાચા નામના વ્યક્તિના દેશી મરઘા ફાર્મમાં થોડા દિવસ પહેલા અચાનક મરઘા ટપોટપ મરવા લાગ્યા હતા. ૫૦ થી વધુ મરઘાના મોત થતા સોમનાથ જિલ્લા અને જુનાગઢ જિલ્લાના પશુ ચિકિત્સકની ટીમો ચીખલી પહોંચી હતી. જ્યાં ૧૩ જેટલા મરઘાના સેમ્પલ પરીક્ષણ માટે ભોપાલ મોકલાયા હતા. જે પૈકીના ૧૦ મરઘાના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમા દોડધામ મચી છે. ત્યારબાદ ચીખલી ગામે આ મરઘા ફાર્મની આસપાસમાં અલગ અલગ ફાર્મમાં ૨૨૦ જેટલા મરઘા હતા. જેમને જિલ્લા પશુ ચિકિત્સકની ટીમ વહેલી સવારે આવી આ તમામ મરઘાઓને જમીનમાં દફન કર્યા છે.

વીરનગર-બળધોઈ વચ્ચે વાહનચાલકે રાહદારીને હડફેટે લેતા ઘટના સ્થળે જ મોત

૫૦ વર્ષના મૃતકથી ઓળખ માટે પોલીસના પ્રયાસો

(જી.એન.એસ.)આટકોટ,તા.૨૪

જસદણના વીરનગર અને બળધોઇ ગામ વચ્ચે ગોળાઇમાં અજાણ્યા વાહનચાલકે આજે રવિવારે વહેલી સવારે રાહદારીને ઉલાળતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા લોકોના ટોળા એકત્ર થઇ ગયા હતા અને આટકોટ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે રાહદારીનો મૃતદેહ પીએમ માટે જસદણ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. આટકોટ પોલીસના જણાવ્યા પ્રમાણે મૃતક રાહદારીની ઉંમર ૫૦ વર્ષની આસાપાસ છે. મૃતકે સફેદ શર્ટ અને ખાખી કલરનું ફાટેલું પેન્ટ પહેર્યુ છે. આ વ્યક્તિની ઓળખ જાણતા હોય તે લોકોએ આટકોટ પોલીસ સ્ટેશનના ફોન નંબર ૦૨૮૨૧૨૮૮૭૩૪ પર સંપર્ક કરવા જણાવ્યું છે. રાહદારીને ઉલાળી અજાણ્યો વાહનચાલક ફરાર છે. હાલ પોલીસ તેની શોધખોળ કરી રહી છે.

જામનગરમાં ૧૦ કરોડનું ફુલેકુ ફેરવનાર ટોળકીમાંના ચાર ઝબ્બે

(જી.એન.એસ.)જામનગર,તા.૨૪

શહેરમાં બાલાજી પાર્ક વિસ્તારમાં રહેતા અને આર્મીના નિવૃત્ત કર્મચારીને નાણાં રોકવાની લાલચ આપી ૩૩ લાખ રૂપિયા લઈ બે મહિલા સહિત સાત શખ્સોએ વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. તેમજ અન્ય વ્યક્તિઓના ૨.૭૭ કરોડ મળી ૩ કરોડ અને બીજા શહેરોમાંથી આ જ રીતે આશરે ૭ કરોડ જેટલી માતબર રકમ રોકાણ કરાવી કુલ રૂા.૧૦ કરોડની છેતરપિંડી આચર્યાની નોંધાયેલી ફરિયાદમાં પોલીસે મહિલા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી હતી. જામનગર સહિત સમગ્ર રાજ્યમાં શેરબજારમાં નાણાંનું રોકાણ કરાવી પૂષ્કળ ફાયદો અપાવવાની લાલચ આપી અનેક લોકો સાથે છેતરપિંડીના બનાવમાં પીએન માર્ગ પર આવેલા નિયોસ્ટેવરમાં જી-૩૯ ઓફિસમાં ઓમ ટ્રેડીંગના નામે શરૂ થયેલી પેઢીના સંચાલક અને કર્મચારીઓ દ્વારા જુદાં-જુદાં વ્યક્તિઓને શેરબજારમાં રોકાણ કરાવી ચોકકસ વળતર અપાવવાની લાલચ આપી આશરે ૧૦ કરોડની ઉચાપાત આચરી હતી. આ પેઢી દ્વારા જામનગર રહીશને ચોકકસ વળતરના નામે લાલચ આપી સમયાંતરે રૂ.૩૩ લાખનું રોકાણ ઓમ ટ્રેડીંગમાં કરાવ્યું હતું.

નવી / જુની કાર લોન
તાત્કાલીક કાર લોન
ઓછા વ્યાજ દરે
ઓછા ડોક્યુમેન્ટ
મો. 99420 00404

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)